गायकवाडी राज्यना धोरण त्रीजानी नोट.

જેની અંદર ત્રીજી ચોપડીના તમામ પાઠોના શબ્દાર્થ, કવિતાના અન્વય, ડીક્ટેશન, વ્યાકરણ સુધ્ધાં ઇસાકાની ભુગોળ, તથા દેશી અને ઈંગ્રેજી કોપટેગ, ભક્તિભૂત, લેખો વગેરે તમામ બાબતોનો સમાવેશ કરેલો છે.

બનાવનાર.

છોટારામ તથા વામનભાઈ

છપાવી પ્રસિદ્ધ કરનાર

જેસંગભાઈ ત્રીકમભાઈ પટેલ.

તથા.

મથુરભાઈ છોટાલાલ

અમદાવાદ ગુજરાત પ્રેસ

અને

ખેડાના "પારસમણી" પ્રેસ.

કિંમત રૂ. ૦-૪-૦

સંભાળ=ખબર.
પાડ–ઉપકાર.
અહલો=સારૂં.
ભુંડા=નઠારા.
નરસું=નઠારૂં.
આકું–અવળું ઉલટું.
રળીને=કમાઈને.
નભાવે=ચલાવે.
ઉછેર્યા=મોટાંકર્યા.
વેડ્યું=ભોગવ્યું.
પજવવા–હેરાનકરવા દુઃખી કરવા.

પાઠ ૧૧ મો.

પરખવું=ઓળખવું.
બેફીકર=ચીંતાવગરનું
કાયર–હેરાન દુઃખી.
ઠરતા=સ્થિર ઉભારહેતા
શરમાતો=લજવાતો.
દસ્કત–અક્ષર.
બેવકુફ=મૂરખ.
પંડે–પોતે.
છુટી=રજા.
મસ્તી=તોફાન.
ફજેત–બેઆબરૂ.

પાઠ ૧૪ મો.

પત–આબરૂ.
સાટુ–માટુ.
જતણીમી=જખાની.
લુચ્ચા–ઠગ.
છેતર્યા=ઠગ્યો.
વિશ્વાસ–ભરોંસો.
જતતાર કાળુંકર=કોઈ સખસ ખોટું કામ કરતો હોય, ત્યારે તેમ ન કરવાને માટે શિખામણ આપતા છતાં ન માને ત્યારે આ શબ્દો વપરાય છે એટલે તું એવું ખરાબ કામ કર કે જેથી તારૂં મોં કાળું એટલે ધીક્કારવા જોગ જાણસે.
હરામના–ગેરરીતના.
ફજેતી=બેઆબરૂ.

પાઠ ૧૫ મો.

ખંત=હોંશ.
ઉદ્યમ=મહેનત.
પાટ–સડ.
વિનતિ–અરજ.
સહાય–મદદ.
વાણી=બોલી.
ગાડીવાન=ગાડાવાળો.
ગુન્હો–વાંક.
ગભરાઇને=અકળાઈને

પાઠ ૧૬ મો.

તાપોડીયાં=જાડી છાલનાં મોટાં કેળાં, જેને ખાસડીઆં કેળાં કહે છે તે.
સોનેરી–પાતળી છાલનાં નાનાં કેળાં.
કુ ળી=સુકવેલાં કેળાં.
પીલા–ફણગા.
લૂમ–જૂમખુ.

પાઠ ૧૭ મો.

નીલ=આ બે ડીસ કાળા રંગનાં વાદરાં.
કાહુ–ગજુ, કદ.
પવાલું–પ્યાલો.
ખારવા–વહાણ હંકારનાર-
ઉરાંગઉટાંગ=પુછડા વગરના બે પગે ચાલનાર વાંદર તે ઉરાંગઉટાંગ કહે છે.

પાઠ ૧૯ મો.

ઉગર્યું=બચ્યું.
પુંજી–ધન.
તમરખાઇ–ચક્કરખાઇ અંજાઈ.
વલે–હાલ દશા.
નાદાન–મૂર્ખ.

પાઠ ૨૧ મો.

વર્ગ–કલાસ.
જોગજોગે દૈવયોગે.

ધારો=કાયદો.
મેર—તરફ.

પાઠ ૨૨ મો.

ટેબલ—મેજ.
માફ=જવાદેવું.
માન્યું=કબૂલકીધું.
શરમ=લાજ.
હીરજ—હીંમત.
પડપૂછ—પૂછગાછ.
આગ=તોહમત.
નવાઇ—અચરજ.

પાઠ ૨૪ મો.

પંચાત—ન્યાય.
આવકાર—માન.
પલ્લાં=છાબડાં.
ઇનસાફ=ન્યાય.
કરગરી—કાલાવાલાકરી
વાંધો=તકરાર.
બ્યાજબી=ખરી.
રાહે—રીતે.
લાગેવળગેનહિ=હક નહી
ગટકરીગયો=ખાઇગયો
ઠાવકું—ઠેકાણે.
ખેલાશક=ખુશીથી.

પાઠ ૨૫ મો.

પ્રાણી=જેમાં જીવ છે અને અહીંથી તહીં ફરી શકે છે તે.

પશુ=ચોપગવાળાં જનાવર.
પંખી=પક્ષી, પાંખવાળાં
ભૂકો=ચુરો.
અટકચાળાં—અડપલાં.
ઉન=ઘેટાંનાવાળ.
વાચા—બોલવાનીશકિત
સુદ્ધાં—સાથે.

પાઠ ૨૬ મો.

રુવાંટી—ઝીણાવાળ.
રૂપાળા—સારા.
જ્ઞાન=સમજણ.
ઘટ્ટ=જાડા.
પંજા=આંગળાને છેડે નહોર હોય તેને પંજા કહે છે.

પાઠ ૨૮ મો.

પેચ—આંટો.
મશ્કરી=હાંસી.
ઓરવું=નાખવું.
સકંજો—સંચો.
અચરજ—નવાઇ.
સોબતી=ભાઇબંધ.
ટાટ=શણનું જાડું કપડું.

પાઠ ૨૯ મો.

ગુંગળાવું=મુંઝાવું અકળાવું.

વેઠવું=ભોગવવું.
મળસકું—સવાર.
સુતરીઓ—સુતરનોવેપારી
કાંતવું—સુતરનાતારકરવા
ચાંદી—ફાળકી.
વેપારી—વેપારકરનાર.
વણકર—વણનાર.
રંગરેજ=રંગનાર.
કસુંબી—જેમાંથી લાલ રંગ નીકળેછે તેફુલ.
સાળ=વણવાનું સંચ.
નિરાંત=જંપ.
પોત=બાજ.
ઓળખાણ—પિછાન.
ચળકાટ=ઝળકાટ.
ઓચિંતું=એકદમ.
ચાંચવો=કોદાળી.
તાગ=કસબનો છેડો.
કાળ=વખત.
ધીગાધીગ—ઉપરાઉપરી તડાતડ

પાઠ ૩૨ મો.

ડાગડી—ડાબડી.
કાનસ—રેતડી.
જતરડો—તાર ખેંચવાનું હથિયાર.
નેપ—રૂપ.
ગુલ—કાકડીપાડવાનું

ઓજાર.
સ્નેહ—પ્રીત.

પાઠ ૩૨ મો.

નિર્દય—દયાવગરનો.
અપલક્ષણ—ખરાબ-
સલાહ—મત.
જૂઠું—ખોટું.
જુડાવું—જુડવાનું.
ધિક્કાર—તુચ્છકારરી-
ટકાર.
સ્વભાવ—પ્રકૃતિ.
ઇશારત—નિશાની.
અર્થ—મતલબ.

પાઠ ૩૩ મો.

તાવવું—તાકવું,ધારીને
તજવું.
ઝલગ—ફાળ,ઠેકડો.
અંગારા—દેવતા.
ગાચવવું—જાળવવું.
વાસ—ગંધ.
બોજો—ભાર.

પાઠ ૩૪ મો.

ઉગારવું—બચાવવું.
આકાર—ઘાટ.
ખુશામત—ખુશકરવા-
નાઉપાય.
ચેતાવે—ખબરકરે.
મુલાકાત—સંભાળ.

સોબત—સંગત.
ઉદાસ—દીલગીર.
ભાડે—ગેલ કરે.

પાઠ ૩૫ મો.

હોજ—કુંડ.
ધારી—મોટી.
નસ—રગ
હૃદય—છાતી.
કાપણી—કાપવું.
મૂઢ—બેભાન.
સાવચેતી—સંભાળ.
ચંચળ—ચાલાક.
ચણીયો—ઘાયરો.
તરતબુદ્ધિ—ઝટ ઉપાય
સુઝી આવે તેવી અક્-
લ.

પાઠ ૩૬ મો.

મુખ્ય—ઘણુ કરીને.
પાતરાં—પાંદડાં.
ખાડા—રાડાં.
ટોચ—મથાળુ.
કૃપા—મેહેરબાની.
વીતવું—વેઠવું
ચતુરાઇ—ડહાપણ.
સેવા—ભક્તિ.

પાઠ ૩૮ મો.

ચિન્ઠા—રેસારેસાનાગુ
ઝાવલી—ટહી.

તાડી—તાડ, કે નાળીએ
રીનો રસ.
પરનાળ—કોટીઓ

પાઠ ૩૯ મો.

કાસદ—ખેપીઓ.
બંબો—પાણી ઉંચુ ચઢાવ
વાનો સંચો.
બંબાવાળા—બંબો રાખ
નાર.
બેભાન—ભાનવગરનો
સુમારે—આસરે.
ધસીને—દોડીને
ફેલાઇને—ફેલાઇને
ઢ઼ોળ્યો—ઢ઼ોળ્યો.

પાઠ ૪૦ મો

જાગૃતિ—ભાન.
થર—બળના જુસ્સે.
ગભરાયાં—મુંઝાયાં. અ-
કળાયાં.
ચોમેર—ચારે બાજુ
ધડાકો—અવાજ.
નિરાંત—જંપ

પાઠ ૪૧ મો

આશીર્વાદ—આખા, હ
તા તેવાને તેવા
ઉધરાણુ—ટીપ—લખાણી,
ટીપ—ઉઘરાણુ ખરડો
હરખાઇને—રાજી થઇને

પાધરો=એકદમ
તન=શરીર.
લાહે=અગ્નિ
માયાળુ–હેતવાળાં.
કુટુંબ=પરિવાર.

પાઠ ૪૨ મો

જવાહિર=હીરા, માણેક મોતી વગેરેને જવાહીર કહે છે.
દરબાર=.ચેરી.
ઝાંડા=તપાસ.
તપાસ=તજવીજ.
સાક્ષી=સાહેદ પુરાવો.
વાપરતાં–કામમાં આણતાં.
અસર=લાગણી.
ખોડ=લગડું.
લાગુ=બાંધ્યુ નાખ્યુ

પાઠ ૪૩ મો

જાદુગર=જાદુકરનાર.
શાબાશી=ધન્યવાદ
અનુમાન–અટકળ-
સજા=શિક્ષા.
રમુજ–ગમત, મઝા,
અચંબો–નવાઈ.

પાઠ ૪૪ મો

ડીલ–શરીર.
લાચાર=ગરીબ.
મેંઢાં=ઘેટાં
ચપળ=ચંચળ.
ફરેલ=પગ ખશી ન જાય તેવા.
અક્કલ=બુદ્ધિ
નવાઈ–અચરજ
સરજ્યાં=પેદાકર્યા
જન્મારો–જીવતર જીંદગી.

પાઠ ૪૭ મો

ધડૂ–સજ્જડ ઉપરા ઉપરી આવેલાં, પાસેપાસે
ગોકળગાય–એક જાતનું ચોમાસામાં રાતુ જીવડુ થાય છે.
નીમાળા–વાળ.
હુંફાળાં=ગરમ.
અવતરે=જન્મે
ભોકાય–વાગે
કોમળ–નાજુક કુણુ
ગરદન=ડોક.
સાફ=ચોખ્ખુ

પાઠ ૪૮ મો

વેગ=ગતિ
વાયુ=વા
મોજા–લહેરો
કડાકા=અવાજ
કડાકા=ભડાકો, ધામ
ગગન=આકાશ
મુદ્દલ–જરા
ઘોર=બિહામણું
ચમકારો=ઝબકારો
ઝડી=ઝાપટું

પાઠ ૪૯ મો

શિખામણ–બોધ
મીઠું મરચુ ભભરાવી=વત વધારી
વચન=વેણ, બોલ
આંચ=ઇજા, નુકસાન
સ્વાદ=મીઠાશ
ભાવ=પ્રીતિ
ફિકર=ચિંતા
પસ્તાવો=અફસોસ
ખીજે=ગુસ્સે થાય
માયા–હેત

પાઠ ૫૦ મો.

સહીસલામત=અણીપૂણી, હેમખેમ
શેતરંજી=ચટાઇ જાડુ બીછાનું
પેણો–તાવડો
સાવચેતી–સંભાળ

પાઠ ૫૧ મો

નાળચુ=ભાળ, ભુંગળી
આંકળ કાંકળી–ગભરાએલી, બેબાકળી

જુક્તિ=કળા
બીજવે=પલાળે
ઈચ્છા=મરજી
ઈશારત—નિશાની
આગળે=પછાડે
ચોપાસ=ચારે તરફ

પાઠ પર મો

છાતી=હીંમત
વેગળી=છેટે
નજીક—પાસે
ચીડવા—ખીજવવા, પજવવા
સાદ=અવાજ
વહાલ=હેત
માયા—પ્રિતિ

પાઠ પ૩ મો

સીસોળીઆં—સાહુડીનાં પીછાં
ઘોરવું=ઉંઘવું
લીસું—સુંવાળું
ગોદ—ખોળાં
બુઠ્ઠું=અણીવગરનું
ગરગડ—તાકાત
સાહેલ=થોડી મહેનતે

પાઠ પ૪ મો

પ્રદક્ષિણા=આસપાસ ફેરો ફરવો
અધર=નીરાધાર
ઝડપથી=ઉતાવળથી
સ્થિર—હાલે ચાલે નહી તે
સદા—હમેશ

પાઠ પપ મો

સમુદ્ર=દરિયો
ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ — દિશાઓનાં નામ છે
નકશો=આખા દેશના કે તેના કોઇ ભાગના કે દેશના નમૂનાને નકશો કહે છે
આકાર=ઘાટ
ખંડ=ભાગ

પાઠ પ૬ મો

અળગો—જૂદો

પાઠ પ૮ મો

મામલતદાર=તાલુકાની મેહેસુલ ઉઘરાવનાર અમલદાર
પહેરો=ચોકી
કચેરી=કોર્ટ
માથાકુટ=મહેનત
શુમાર=આસરે

પાઠ પ૯ મો

પણે=પેલે ઠેકાણે
ખુન—જીવથી મારી નાખવું
ગીતા=હીંદુ ધર્મનું પુસ્તક
તકરાર—વાદવિવાદ
અપમાન—ગેર આબરૂ
સીમ—હદ
ટંટા—કજીઓ
નિકાલ=તોડ
ગાવમેં—ગામમાં
જાકર=જઈને
બમનકે—બ્રાહ્મણને
ઉદરમેં—આંખી
અચંબો—નવાઇ

પાઠ ૬૦ મો

એકાકાર=એકમેક
શોક=દીલગીર
કલગીદાર=છોગાળાં
તરેહતરેહનાં—જાતજાતનાં
લક્કી, ગીરેબાજ, લોટણ, યાહુ, શીરાજી, થરથરી — કબૂતરની જૂદીજૂદી જાતો છે
રળિયામણું=શોભિતું
કળા—પિછાં ઉચાંને પ-

હોળાં કરેછે તે
ગરદન=ડોક
નેંડાવગરપ—નરનારી વ
ગર
કાસદીઆં—ખેપ કરનાર
સંદેશા લઇ જનાર લા-
વનાર

પાઠ ૬૨ મો

ખોપરી=માથાનો ઉપ-
લો ભાગ
મગજ=ખોપરીમાંની
માવા જેનું હોય છે તે
ટટાર=સીધુ
આંચ—ઈજા હરકત
હડપચી—દાઢી ઉપરનો
ભાગ
અતિશે—વધારે

પાઠ ૬૨ મો.

ફેફસુ—શ્વાસ લેવાની કો-
થળી
રાક્ષી—અણીવાળા દાંત
તાળવુ=મોંઢાની માંહેનો
ઉપલો ભાગ
શ્વાસ=દમ.
તરેહ=જાત

પાઠ ૬૩ મો

નધણીઆતુ—ધણીવગર-
નું

બીડ—ઘાસ ઉગેલું મેદાન
ગંજી=ઘાસનો ખડકેલો
ઢગલો
કાલાવાલા—કરગરવું. આ
જીજી
અદેખો=ખારીલો.
નિરાશ=ના ઉમેદ, આ-
શા ભંગ, ઉદાસ
બ્યાજબી—બરાબર
હક્ક—દાવો

પાઠ ૬૫ મો.

સિક્કા—નાણુ
નરદમ—એકલુ
વળાં—પડ
ભાષા=બોલી
અડી=છાપ
ઉપયોગ=ખપ
ગઠ્ઠા—ગાંગડા
નર્યાં=એકલા

પાઠ ૬૬ મો.

ચાલ=રીવાજ, રીત
પુષ્ટિ=જોર આવે તેવું
જરૂરીઆત—ખપ જરૂર
ગાંડી=ઘેલી
કરજ—દેવું
કંતાઈ જાય છે=દુબળુ
પડી જાય છે પાતળુ
પડી જાય છે.

તોલ—વજન

પાઠ ૬૭ મો

ગંધક—એક જાતનો પી
ળો પદાર્થ.
હાથયાર=ઓજાર
બરતર=ગાળેલું
ઘડતર=ઘડેલુ
પોલાદ=ગજવેલ, ખર
લોહુ ફુશંસી,
જૂના=આગલા
નરદમ=એકલુ
સોંઘુ=સસ્તુ, થોડામૂલે
તોલા=રૂપીયાભાર
સખ્ત—કઠણ
બરડ=ઝટ ભાગી જાય
તેવું
માપુ=બરેત
પ્રકાર=જાત
અસલ—આગળનું

પાઠ ૬૯ મો

પ્રવાહી—જેનો રેલો ચા-
લે તેવો પદાર્થ
પદાર્થ—વસ્તુ
અંતર=છેટું
વામ—સાડા ત્રણ હાથ

પાઠ ૭૦ મો

વિવેક=મરજાદા
મરજાદા—અદબ

તોબ્રડાઇ=હલકાઇ
માઠું—ખોટું

પાઠ ૭૧ મો

ચેષ્ટા=મશ્કરી
વિવેકી—વિવેકવાળા
અવિવેકી=વિવેકવિનાના
સરત—નજર
ફેર=તફાવત
મનસુબો—વિચાર
ધમકાવ્યા—બિવરાવ્યા

પાઠ ૭૨ મો

નીવડ્યો=થયો
મજસરખુ=મારાસરખુ
સોબતી—ભાઇબંધ
રીતભાત—ચાલ
આવકાર—માન
ભાગ્ય=નસીબ

પાઠ ૭૩ મો

કકલાણ—બૂમરાણ
માંડમાંડ=અમથુ સહેજ
ઓળખીતો—જાણીતો
કડણુ—આકરો મુશ્કેલ

પાઠ ૭૪ મો

રાજી=ખુશી
શરમાઇ=લજવાઇ
કરોડ—બરડા વાંસો
રક્ષણ=સંભાળ
ફુંક=શ્વાસ લેવાની કો

થળી
પારવિનાના=ઘણાજ
સેંકડો—હજારો
ભાઠું—નદીનો રેતાળ કાંઠો

પાઠ ૭૭ મો

મોતીઆ=દીપુ
તમાસો=ખેલ
ચત્તિ=સવળી
તાસક—છીછરી થાળી

પાઠ ૭૮ મો

ગમ=ખબર

પાઠ ૭૯ મો

અચરજ—નવાઇ
ગગન—આકાશ

પાઠ ૮૦ મો

તાલ—મજા
શિરોઇ=લાંબા સાંકડા ગળાનું વાસણ
ઠોળ—મશ્કરી
છાછરી=ઉંડી નહિતે
પરોણા=મેમાન
મશ્કરી—હાંસી
મજા=રમુજ
ગપખાઇગયું—વખત વરતી ગયુ.
આગ્રહ=તાણ
ટગરટગર=ટાંપી ટાંપીને

માન્યુ=કબુલકર્યુ
દાઝ=રીસ

પાઠ ૮૨ મો

વણજારો—વેઠથી વેપાર કરનાર
પેઢી—પૂવજો અને વંશજો
કુટુંબી=એકજ બાપના
વગડામાં=જંગલમાં
શીંગણાં=નીચાં
ખોલ—ખોલ ભોંયમાં
ખાડાખોદી કુતરાં શિયાળવાં વગેરે પોતાને રહેવાસારૂ કરે છે તે ગુફા.
ગુચ્છો—જથો.
વસ્તા—રેહેતા
અસલ—પહેલાં
વહેમ—શક

પાઠ ૮૩ મો

દોસ્ત—ભાઇબંધ
ભોળો—કુડ કપટ વગરનો
ગોઠવુ—ગમવુ
પરાયું—પારકુ
પસ્તાવો—બિમાસણ
અચરજ—નવાઇ
હુકમ—આજ્ઞા

પધારજો—આવજો

પાઠ ૮૪ મો

કરતુક—કામ
ગુન્હો—માલ
દાવો—હક.
સાબથી—સગપણ
માનઆવકાર—આદરભાવ
ચંડાળ—પાપી
સ્વભાવ—પ્રકૃતિ
સાર—મતલબ
મતલબસાધવા—કામકાઢી લેવા.

પાઠ ૮૫ મો

ઉદાસ—દીલગીર
સંતાપ—દુઃખ
સુંદર—રૂપાળાં
ઇમારત—બાંધણી
રળિયામણો—શોભિતો

પાઠ ૮૬ મો

ગમત—મઝા
અંધાપો—આંધળાપણું
સદા—હમેશાં
ટેવપડી છે—આટકળપડી છે મહાવરો પડયો છે
હરફુલ—અક્ષર

પાઠ ૮૭ મો

બાગબાન—નસીબદાર
હાલ-દશા, અવસ્થા
પીડા—દુઃખ
શાબાશ—ધન્ય
પારખુ—ઓળખુ

પાઠ ૮૮ મો.

કબૂલત પ્રમાણે—ઠરાવ પ્રમાણે
ઉત્તરવાળ્યો-જવાબ આપ્યો.
દૂર-છેટે
બેહેરા-સાંભળે નહી તે
મુંગા-બોલે નહી તે
ગમ-તરફ
ઉચ્ચાર-બોલ

પાઠ ૮૯ મો

આસનાવાસના સેવાચાકરી.
સદગૃહસ્થ-સારાપૈસાદાર
પાડ-ઉપકાર
કને-પાસે
ફાળ-ધ્રાસ્કો
ઇશારત-નિશાની
હૃદય-મનમાં

પાઠ ૯૦ મો

દશા-હાલ
ઉપયોગ-કામ
કીકો—નાનોછોકરો
સાદ અવાજ

પાઠ ૯૧ મો

અવસ્થા—દશા હાલ
સહજ—તરત
અવગુણ—નુકશાન
ગાંડે-ખોટે

પાઠ ૯૨ મો

શિખર-પર્વતની ટોચ
જ્વાળામુખી-બળતોપહાડ
ચમત્કાર નવાઇ અજાયબી
પુણ્ય-ધર્મ
ભકિતમાન-ભકિતવાળી
ક્ષેત્ર-ઠેકાણુ
ધડાકા-અવાજ.
ધગધગતો-ઉનોઉનો
સડસડ-એકદમ
અંગારા દેવતા
મોથી-વધારે મુલની
ખાંધે-ખભે
આચરણ-રીતભાત
અચરજ-નવાઇ
અજ્ઞાની-સમજણ વગરના
ઉગરી-બચી

પાઠ ૯૪ મો

હાણ-નુકશાન
અવિચાર વિચાર વગર.

(૧૦)

પડછાયો-ઓળો
નિહાળવું-તપાસીને જો-
વું
વગોવવું-નિંદવુ
ભરાવ ભરાવો જથો
લજવવા-શરમાવવી
બડાઈ-મોટાઈ
પડછાયો-ઓળો
મૂંદલે-બીલકુલ જરાએ
ખેચતાણ તાણુતાણુ
ધિક્કારતુ-ફીટકારતુ
સંકટ-દુઃખ
અવગણના-ધિક્કાર
અંતે-છેવટે

પાઠ ૯૭ મો

તળી-તળીઉ
ખાસુ-જોડાનુ ઉપલુ ચા
મડુ
નરી-સાફ કરેલુ ચામડુ
કાલબુત-મોચી જેના ઉ-
પર જોડા શીવે છે તે
આર-સોયો
મીરજાઇ-એડેલી પહોળા
ચાંચનો જોડો,
પિરોઝી-જેની ચાંચ ઉ-
ચીને ચાંચ તરફ ઘણો
સાંકડો હોય છે તે
ચંપલ-તળીઆ ઉપર આ
ગુણને આંગળાં ભર-
વાને ગાળા કરે છે તે
સપાટ-ચાંચ પાનીને ખ
ડા વગરનો જોડો
લીસા-સુંવાળા
ચકતાઓ-કડકા
તરેહ-જાત

પાઠ ૯૮ મો

ઉથલાવતુ-ફેરવતું
પાળ ધાર
સુખતળી-જોડામાં તળી
યાના ઘાટનો ચામડા
નો કડકો રાખવામાં
આવે છે તે
ભાગે-વાગે
ઠોકર-ઠેસ

પાઠ ૧૦૧ મો

ખટપટ પંચાત
ટાઢક ઠંડક
કસબો-ગામ
હરખાતા હરખાતા-રા
જી થતા થતા
વડો-મોટો
ડાહ્યા-ભી
ડહાપણ-સમજણ
ભુસકા-ફડકા
ઝુકિત-કળાં
લાગલાવ
ઉપાય-ઇલાજ
જોર-બળ
કઠણ-અઘરૂં
જોખમ-નુકસાન
આપમતલબી-સ્વાર્થી
લેખે-ગણે

પાઠ ૧૦૩ જો

આકાર-ડોળ
ચાંપશો-દાબશો
ગલ્લામાં-પેટીમાં
ઝાંખી-નાનીછોડી
તકરાર-કજીઓ

પાઠ ૧૦૪ થો

ઝુટવવું-ખુંચાવી લેવું
સતાવવું-સમવું
હરખાવું-રાજીથવું
પૂછગાછ-માહપૂછ
ચોખ્ખી-અકલનાતપાસણી
ઓર રીતે ઓળખતું હેન
હિ તેવી
સાથી-ભાઇબંધ
ચાડ-સાડ
કાયર-હેરાન દુઃખી
સંતોષાશે-ધરાશે, રાજી
થશે
જોડે જોગી

પાઠ ૧૦૫ મો.

વેગળેથી-છેટેથી

ચૌટામાં—બજારમાં
ખાટલે પડીછે=માંદી પડીછે.

પાઠ ૧૦૭ મો.

આંતરે=છેટે
ઘડિયાળ=વખત જાણવાનું યંત્ર

પાઠ ૧૦૮ મો.

મધરાત—અડધી રાત
ઝટ=એકદમ, તરત

પાઠ ૧૧૦ મો.

લણવું=કણસલાં કે ડુંડાં કાપી લેવાં. તે
નચિંત—ફિકર વગર.
ચારો=ખાવાનું.
કાકડ=નકામો.
ટાંપીને=તાકીને
ભિખારા—ભરૂંસો
માલ—સાર
મદદ=સહાય
સમાચાર—ખબર

પાઠ ૧૧૧ મો.

ધારણા—હિમત, ધીરજ
મનદઇ=ચિત્તરાખી
પડે—પોતે
પારપાડે=પૂરું કરે.
આપ=પોતે
સ્વર્ગ=દેવલોક
મેઘ=વરસાદ
સમાન—બરોબર

પાઠ ૧૧૬ મો.

કૌવત=બળ
સરજી=બનાવી
ગેંદા—કિતાબ
તરેહતરેહથી—જાતજાતથી
ઘાટ=ટોળ, આકાર.
ભાગ—ફક્ત
ધીમેઆંચે=થોડેતાપે
આદમી=માણસ
મીઠી=ગળી

પાઠ ૧૧૮ મો.

ખુશબોદાર—સુગંધીદાર.
સ્વાદ=મીઠાશ
ખાસાં=સારાં
બીજ=બી, છોટની અંદરનો ભાગ.
જમરૂખી=જામફળી
દેખાવડું=શોભિતુ
ગુચ્છાદાર=ભરાવાવાળુ.

પાઠ ૧૧૯ મો.

બાદીઆમ—એકજાતનો તેજાનો.
ભભકાદાર=શોભિતા
વાસ=ગંધ
સોડમ=ગંધ.
પાતરાં=પાંદડાં
ભિન્નભિન્ન—જુદાજુદા
છાંડવાં=ટોડવાં

પાઠ ૧૨૦ મો

છટકીજવું=નાશી જવું
શિકારી=શિકારકરનાર
અણીદાર=અણીવાળું
ગોટે=પેટે.
છાંટ=છાંટા, ટીપકાં
ખો—બખોલ, પોલ.
સંધ્યાકાળ—સૂર્ય આથમ્યા પછી.
ખબરદાર=હોંશિયાર.
પક્કાઇ—લુચ્ચાઇ
બડું=લુચ્ચું.

પાઠ ૧૨૧ મો.

કદણ=ધાર
ધસ્યા—દોડ્યા.
સેંકડો—સો
કશું=કોઇ
માનવી=માણસ.
કાળા માથાનું માનવી કહેવાનું કારણ કે માણસને માથે કાળા વાળ હોય છે.

પાઠ ૧૨૨ મો.

કાંઠો—કિનારો.

હિંદી } મહાસાગ-
આટલાંટિક } રનાં નામ
પાસિફિક } છે
મહાસાગર=મોટાસમુદ્ર
સાગર—દરિયો.
છોળો—મોજાં
પારાલેગ=પીળાશાયક

પાઠ ૧૨૩ મો.

વમળ—પાણીના ભમરા
વ ટોળીઓ—ચંગાકારે.
ભાગ ગોળ ચક્કર ફરે તે
કડાળ—દરિયા કાંઠાનો
મુલક
બરતી=દરિયાનું પાંણી
જમીન તરફ ચડે છે
તેને બરતી કહે છે.
ઓટ=બરતીનું પાણી
ઉતરેછે તેને ઓટ કહે
છે
ચમત્કાર=અજાયબી

પાઠ ૧૨૪ મો.

તંબુ=ડેરા
બારૂ=અખાત, સમુદ્રનો
જમીન તરફ આવેલો
હોય તે.
વહેવારીઓ=વહેવાર-
વાળો.
દીવાનખાનું=બેઠકની
જગા.
અનુકુળ=ફાવતું
જોગ—લાયક
પેદાશ—નીપજ
અક્કલ—બુદ્ધિ.

પાઠ ૧૨૫ મો.

કળા=હુંનર.
યંત્ર—સંચા.
પ્રત—નકલ
મુદ્રાછાપ=ધાતુનાં બીબાં
શીળાછાપ=પથરાછાપ
સુમારે—આશરે
બે ટોળ—કદરૂપા
તરેહવાર—જુદીજાતનાં
હિકમત—કળા

પાઠ ૧૨૬ મો.

શ્વાસ=દમ
શ્રેષ્ટ=ઉત્તમ
મુદ્દલ—જરા
નિર્જીવ=જીવ વગરનુ.
પદાર્થ—વસ્તુ

પાઠ ૧૨૭ મો.

ઝગડો—કજીઓ
પરીક્ષા—તપાસ.
તકરાર—કજીઓ
પંચ—પાંચ માણસ
કાવકી—ભલી.
વાંક—ગુન્હો.
મસ્તી—તોફાન.
ટંટો—કજીયો.
છેડે=હેરાન કરે.
સાંપણી—ખમી.
ખબરદાર—હોંશિયાર
ભલમનસાઈ=સારાપણુ

પાઠ ૧૨૮ મો.

ઉપરાણું—તરફદારી
છેક જ—બિલકુલ, તદ્દન
લાજતી—શરમાતી
બેનપણી—સહચર સખી
ઝંખવાણું=શરમાઈ ગ
યાં
વાંધો—તકરાર.
અસર—લાગણી.
ભુંડી=નઠારી ખરાબ

પાઠ ૧૨૯ મો

બેજવાળુ—બિનાસવાળુ
સંધિવા—સાંધિઓ, સાં
ધા રહીજાય છે તે
વાયુનો રોગ.
ખબરઅંતર—હેમ ખેમ
સહેતું—ઠીકપડતુ.
બો=બીક
સળેખમ=નાકમાંથી પા
ણી વહી જે દરદ થા-
યછે તે.
સૂવેછે—સુવે છે.

કહાડા વાંકા છે=નબળા કપાડા છે.
ગ્રહ=સૂરજની આશ પાસ ફરનારા પદાર્થો.
મંગળ, પૃથ્વી, બુધ, બ્રહસ્પતિ, શુક્ર, શનિ, રાહુ, કેતુ, એ ગ્રહનાં નામ છે.
નસીબ—ભાગ્ય, પ્રારબ્ધ
ટાળવાનો=મટાડવાનો.
વિનવી=વિનતિ કરી
વૈદનો પગ અમારા ઘરમાંથી નીકળતોજ નથી=એટલે કોઈ માંદુ હોયજ ને તેથી દવા સારૂ વૈદને તેડાવવોજ પડે.

પાઠ ૧૩૦ મો.

નામીચાં—પ્રખ્યાત
રળિયામણાં—શોભિતાં
તગારસ—તાણુ
શોભાયમાન=રળિયામણું.
રાજધાની=રાજગાદીનું શહેર
જીલ્લો=જેની અંદર ઘણા તાલુકા આવેલા હોય તેવા ભાગને જીલ્લો કહે છે.
સંસ્થાન=દેશીરાજ
ધામ=ઠેકાણું
છાવણી=લશ્કરનો મુલક
સંઘ=ઘણા માણસનો જથો.
ગવર્નરજનરલ=મોટો હાકેમ.
એજંટ=આડતીઓ
અધિકારી=અમલદાર

પાઠ ૧૩૨ મો.

વાવાઝોડું=વાનું તોફાન
હિકમત=કળા
અજબ=નવાઇ
અગાલ—અગાઉ.
ગઢો—ગાંગડો.
જુક્તિ=કળા
તરેહ—જાત
નિર્મળ=મેલ વગરનો
લાંદો=લોચો-

પાઠ ૧૩૩ મો.

બરડ=ઝટ ભાગી જાય, તે
આરસો=દર્પણ.
તરેહ-જાત
મેળવણી—ભેગ
સોડા } એક જાતનો
પોટાસ } ખાર છે,
ખપોટી=રેતી
પારદર્શક=આરપાર દેખાય તે.
માંજવું=સાફ કરવુ

પાઠ ૧૩૪ મો.

ક્ષાર=ખારો
પ્રખ્યાત—પ્રસિદ્ધ
પુષ્કળ=ઘણો
મૂલ=કિમત.

પાઠ ૧૩૫ મો

તીરે=કાંઠે.
લોભ=લાલચ
ઇચ્છે=ચાહે.
અનીતી—ગેરરીત
ગુમાવેછે=ખુએછે
લક્ષણ=ગુણ, ટેવ
અવસ્થા—હાલત
ઉદ્યોગ=મહેનત
સ્થિતિ—હાલત
તકાવવું=નજરમાં ચાલવુ
પાર=છેડો
થોભ=અટકાવ

પાઠ ૧૩૭ મો.

શંખ ⎫ એ ચાર ભગ-
ચક્ર ⎬ વાનનાં આયુ
ગદા ⎪ ધ ગણાય છે
પદ્મ ⎭ સ્થાપના=પ્રતિ
ષ્ઠા.]

ઘાટ=આરો
મજલ—ગાઉ

પાઠ ૧૩૮ મો.

ગુણકારી=ફાયદા કારી.
સાયલો=લોટમાં પાણી રેડી લોચા જેવું કરે છે તે
ઘટા—જમાત

પાઠ ૧૩૯ મો.

ખુતારા=સાવરણી
નીરો=તાડી થતા પહેલાં નો રસ
બેવકૂફ=મૂરખ
તાડી=ખજુરી કે તાડ નો રસ.
પરનાળો—કોઠીઆં
ઘાડવા=માણીઆ

પાઠ ૧૪૦ મો.

રાજધાની=રાજગાદીનું શહેર
રાજનગર—અમદાવાદ
મસીદ=નીમાજ પડવા-ની જગા
પુસ્તકશાળા—લાઇબ્રેરી
પ્રાચીન—જૂનું
તુરંગ=કેદખાનું.
સુતર=સુગમ, સહેલું
પોળો—શેરી

પાઠ ૧૪૧ મો.

ધારીલાં—રૂપાળાં.
વિશાળ—મોટું
તરેહ તરેહ વાર=જાત જાતનાં.
ફરજા—ફુવારા
રોજા—અપવાસ.
ખંડેર=મકાન પડીજઇ ઉજડ પડી રહેલી જગા.
મ્યુનિસિપાલ—શેહેર સુધારાખાતું.
કાંપ—લશકરને રહેવા ની જગા.
સરત=ઘોડાનોમેલાવડો.

પાઠ ૧૪૧ મો

મડમ—રાહુંબ લોકોની સ્ત્રી.
ચહાતાં—ઇચ્છતાં
વીસો—છુટો.
ભગીગએલો—મળીગએલો.
ગેલ=રમત.
પાધરૂ જ=તરતજ.
અફલાતુ—ટીચાતુ
હલેસાં=વહાણ ચલાવવા ના ચાટવા.
ખારવા—વહાન ચલાવનાર
હંકારી- ચલાવી.
ભાન—શુદ્ધ.
માયા—હેત.
ટાઢકવાળી—સંતોષ થયો

પાઠ ૧૪૪ મો

લંગર—વહાણને થોભાવવું.
કળતર—દુઃખ.
કિનારે—કાંઠે
ખલાસી=વહાણ ચલાવનાર.
અણસારો=ઇશારત.
તક—વેળા
સંકટ—દુઃખ
ઉગર્યા=બચ્યો.

પાઠ ૧૪૫ મો

તરતબુદ્ધિ=ઝટઉપય સુઝે અવે એવીબુદ્ધિ સમયસૂચકતા.
ખડો—બોડ
સદેહ=વહેમ.
સાર=મતલબ.
તોડ—નિકાલ

પાઠ ૧૪૬ મો

ખાતર—છાણુ.
ધરૂ—તરૂ, નાના રોપ
કોળા—ફલા, જુદીયો

પ્રથમ=પહેલાં
ધમધોકાર—ઝપાટાબંધ
પાઠ ૧૪૭ મો
જડ-મૂગ
ઉપાણવુ-ઝાટકવુ પવન થી કચરો ઉરાડી ઉરાડી મૂકવો.
માફક-અનુકૂળ
નીંદી-ચુંટી કાઢી નાખવું
ખરિફ-ચોમાસુ પાક
રવિ-શીયાળુ પાક
તર-તાજી
રસ-કસ.
મસળેછે-ચોળેછે. પીલેછે
પાર-મસળવાને કરેલા ઢગલો
લાગલાગટ-હમેશાં
હેરફેર--વારાફરતી
પાઠ ૧૪૮ મો
અમીર-ઉમરાવ, મોટા માણસ
પાલણપોષણ=ભરણ પોષણ.
નાહર—એક જાતનુ ફાડી ખાનાર જાનવર વરૂ
મસ્ત-જોરાવર
છે-દગો
ઇતબારી-ભરોંસાદાર નિમકહલાલ
ધણીઆણી-આપડી
ઉગરવાનો બચવાનો
લાચારીથી—નાઇલાજથી છને
વચન-યોગ્ય બોલ
સંકટસમે-દુ:ખવખતે
પાઠ ૧૪૯ મો
ગુલામ-વેચાતો રાખેલો ચાકર
ભયંકર-બિહામણો
મોતીયાંમરીગયાં હિંમત હારી ગયો હરબડી ગયો
ઇરાદો-વિચાર
જૂલમ=કેર
વેઠયા=ખમ્યા
ઢગલેઢગલા દુ:ખ—ઘણું દુ:ખ
બચોબચ=ઉપરા ઉપરી
આય—બળ શકિત.
નિરાશ—ઉદાસ
શબ્દ=સાદ.
શોર=અવાજ.
રાંકડું=ગરીબડું.
અરાજો—નવાઈ.
છાતીવાળો=હીમતવાળો
પાઠ ૧૫૦ મો
ખોડાતો—લંગડાતો
સુંગેલો—સુઝેલો, ફુલેલો
આંતરી—માંદો.
નરમપડ્યું—ઓછુંથયુ.
કરાર=આરામ
ઓચિંતો—એકાએક.
નિર્દય—દયાવાગરનો.
હવાલે—તાબે
હાકેમ=ધણી
જુલમી—દુ:ખદાયક.
પાઠ ૧૫૧ મો
હિંસા—શિકાર.
મેદાન=પાદર સપાટ જમીન
ચોતરફ=ચારેબાજુથી
ખીજવાએલા=ચીડવા.
એલા.
કમકમી—ધ્રુજારો, થરરાટ.
તમાસો=ખેલ
મેદની—ઘણામાણસનો જમાવ.
છલંગ=ફાલ
કાચા હૈયાનું હીમતવગરનું.
હોંશ=જીવ
તલપ—ફાલ.
લાડ=ગેલ

જાતિ સ્વભાવ—જન્મ સ્વભાવ.
અચરજ—નવાઇ.
અરજ—વિનતિ.
માફ—ક્ષમા
પાડ—ઉપકાર,ગુણ.
વીસરવો—ભુલવો.

પાઠ ૧૫૨ મો.

એકઠા—ભેગા.
ખરૂં લોહું—ગજવેલ,પોલાદ.
જૂદજૂદુ—નોખુનોખુ.
ખપ—કામ.
પેચ—આંટો.
તોરા—કસબ.

પાઠ ૧૫૩ મો.

બંદર—જેગામનદીકે દરીયાકિનારે આવેલું હોય અને ત્યાં આગળ વહાણોના માલની ચઢઉતર થતી હોયતે.
ટંગાવવું—ટીંગળાવવું
લોભી—લાલચુ.

પાઠ ૧૫૩ મો.

થોભ—અટકાવ.
તૃષ્ણા—લોભ.
આજીજી—કાલાવાલા
કબૂલકર્યું—માન્યું.

સાગટા—બધા.
અતિશે—વધારે.

પાઠ ૧૫૫ મો.

કડાકો—લાંઘણ.
ઠાવકું—બરાબર.
ભક્ષ—ખાવાનું.
મધુરો—સારો,મીઠો
સૂર—રાગ
મણા—ખામી
નિશા—ખાતરી
સડપ—ઝડપ.
ખાલી—ખોટાં.
દૈવજોગે—નસીબજોગે
જુક્તિ—કળા.
ઘાટ—રૂપ.
વહેમ—શક,સંદેહ

પાઠ ૧૫૭ મો.

ગજબ—જૂલમ
રહેમ—દયા
ઠબકવું—થોભવું
જીવાળ—પાણીતાણું
સાહેતવારમાં—થોડાવારમાં
અવિચારી—વિચારવગરના
ગભરાયો—અકળાયો
કરાડા—ધાર,ભેખડ
લજવાઈ—શરમાઈ

ફજેત ગેરઆબરૂ
નરસા—નઠારા
રૂડું—સારૂં

પાઠ ૧૫૮

ફાચકી—કંકસફાઇજતે
મજેના—સારા
સોબતી—સાથી
ખાર—અદેખાઇ,ઝેર
અટકચાળા—અડપલા
વાંકાવાળથવાદેનહિ—કંઈહરકતથવાદેનહિ

પાઠ ૧૬૦ મો

રતીપુર—ચણોઠીજેટલું
આકરૂં—સખત.
પરહેજી—કરી, ખાવાપીવાના નિયમરાખવો તે.
આપમત—પોતાનીમરજી
હેરાન—દુઃખી
મતલબ—સાર
પીડાયછે—દુઃખીથા—

પાઠ ૧૬૧ મો

ઉપયોગ—કામ
માતબર—મોટો
નરાજ—ક્રોધ
થર—પડ

ગૂજરાતી ચોથી ચોપડીમાં આવેલી કવિતાની સમજુતી

પાઠ ૩ જો પરમેશ્વરની પ્રાર્થના

ઓ-હે	સંસાર-દુનિયા	
સરજ્યો-બનાવ્યો	કીધાં-કર્યાં	

૧ હે પરમેશ્વર તું એકજ છે તેં બધી દુનિયા બનાવી છે જમીન પાણી, અને મોટા ડુંગરો પણ તેં બનાવ્યા છે.

તારા-ચાંદરણાં	સોમ-ચંદ્રમા	જોમ-બળ
શોભિતા-રૂપાળા.	રચ્યાં-બનાવ્યાં	
શોભાયમાન	જબરૂ-ઘણું	

૨ ઘણા શોભિતા તારા, સૂરજ અને ચંદ્રમા એ સર્વે તેં બનાવ્યાં છે તારૂં જોર ઘણું છે.

અદકું-વધારે	દાતાર-આપનાર	ઉપકાર-ગુણ આભાર
જ્ઞાન-સમજણ	પ્રાણીઆ-માણસ, જીવ	

૩ અમને બીજા કરતાં વધારે સમજણ અને સારા ગુણનો આપનાર તું છે જે પાપી જીવ હોય તેજ તારો આભાર ભુલી જાય.

કાપ-કાપી નાખ, કાઢી નાખ	પાપ-નઠારાં કામ	કષ્ટ-દુઃખ
	પરિતાપ-દુઃખ-સંતાપ	
ક્લેશ-કજીઓ	કુમતિ-નઠારી બુદ્ધિ	
કંકાસ-ટંટા	કરૂણા-મહેરબાની.	

૪ તું કજીઓ અને ટંટા કાપી નાખ, અને પાપને દુઃખ પણ

કાપી નાખ તથા મેહેરબાની કરીને અમારી નઠારી બુદ્ધિ કાપી નાખ અને દુઃખ કાપીને સુખ આપ.

પાઠ ૮ મો. ભોજનવિષે કવિતા.

ભોજન-જમણ	કમોદ-ઉંચીજાતનાચોખા	અતિ-વધારે
વર્ણન-વાત, હકીકત	કીધો કર્યો	સુંદર-સારી
સુણજો=સાંભળજો	તણી-ની	

૧ આજરોજ અમે જે જમણ જમ્યા તેની હકીકત તમે સાંભળો કમોદનો ભાત કર્યો હતો ને ઘણીજ સારી જાતની દાળ કરી હતી.

કઢી બાગીને--કઢી ચોળીને	ભાતભાતનાં-જાતજાતનાં તળીયાં-વઘાર્યાં

૨ કઢી બાગીને તેની કઢી કરી હતી ને માંહે સારી વડી નાખી હતી જાતજાતનાં તળેલાં શાક હતાં અને બાસદી પુરી અને દૂધપાક પણ હતા

પુરણપોળી-વેઢમી ગળી રોટલી.	સારૂ-સારો વડાં-ઢેબરાં	કચોરી-પુરણ ભરીને કરેલી પુરી

૩ વળી વેઢમી, લાડવા, વડાં, કચોરીને કંસાર સારાં હતાં, તેમજ બણ્યાંને ભાજી પણ સારી હતી અને શાકને રોટલી સારાં હતાં.

પક્વાન-મીઠાઈ	સ્વાદ-મીઠાશ.
આનંદસુખ-વધારેસુખ	અપાર-ઘણું.

૪ એ પાંચે પકવાનો કહેવાય તે જમતાં જમતાં ઘણુંજ સુખ

થાય છે વડાં પાપડને મેવા સારાં હતાં ને તળેલા ચણાનો સ્વાદ પણ ઘણો સારો હતો

પાઠ ૧૨ મો નઠારા નિશાળીઆ વિષે કવિતા

આપ-પોતે	ગુરૂજી-મેહેતાજી	સર્વ-બધા
ધારે-માને	ધારા-કાયદા	

૧ બીજા બધા નિશાળીઆ નિશાળમાં પેઠા પછી પોતે (નઠારો નિશાળીઓ) નિશાળમાં પેસે, ને બીજા બધા નીશાળીઆ વર્ગમાં બેઠા પછી તે નઠારો નીશાળીઓ બેસે મેહેતાજી કહે તે કાયદા માને નહિ તે નઠારો નિશાળીઓ નિશાળે જઈને કાંઈ શીખશે નહિ.

સમીસાંજ-સંધ્યાકાળ	પાય-પગ
સુઝે સાંભરે	લવારો-બકબકાટ

૨ જ્યારે સંધ્યાકાળ થાય ત્યારે તેને સુવાનું મન થાય. પછી જ્યારે નિશાળમાં પાઠ વાંચવા ઉઠે, ત્યારે તેના પગ ધ્રુજે છે, તે જ્યારે લખવા બેસે ત્યારે લીટા લીટી કરે અને બોલે તો બકબકાટ કરે તે નઠારો નિશાળીઓ નિશાળે જઈને કાંઈ સીખશે નહિ

ભલી-સેહેલી	ચિંતા-ફીકર	ભારો-પુળો જથો
અનિશે-[illegible]	ચૂક-ભૂલ	

૩ સેહેલી ભણવાનું હોય તોપણ તેને જોતાં આવડે નહિ, અને તે બે ફિકરથી ઘણી ભૂલો કરે [illegible] ભણવાનો [illegible]

ગી કરે છે તે નઠારો નિશાળીઓ નિશાળે જઇને કાંઇ સીખે નહિ.

ચોપડી-ચોપડી	ઘેલી-ગાંડી	લીખો-જુઓ
ગબાળો-બચકો	લેખાંએ-ગણિએ.	

૪ તે પોતાના હાથ મેલા કરે તેથી ચોપડીઓ પણ મેલી થાય જેમ ગાંડી છોડી ચીંથરાના ડુચ્યા ભેગા કરી બચકો કરે છે તેમ તે પોતાનુ દફતર કાગળના ડુચ્યા ભરીને મોટુ કરે છે તેના લુગડામાં જોઇએ તો ઘણી જુઓ માલમ પડે છે તે નઠારો નિશાળીઓ નિશાળે જઇને કાંઇ શીખસે નહિ.

પાઠ ૧૩ મો નઠારા નિશાળીઆ વિષે.

વડીવાર-ઘણીવારસુધી	ટાળો—મૂકીદો, છોડીદો	વાતવાળો વાતોડો
સંગ-સોબત	આરો-છેડો	આરો=છેડો, પાર,

૫ તે વાતોડો છોકરો ઘણી વાર સુધી વાતે વળગે હે નાના છોકરાઓ તમે એની સોબત છોડીદો એની એક વાતનો છેડો આવતો નથી તે નઠારો નિશાળીઓ નિશાળે જઇને કાંઇ શીખસે નહિ

કાં-અથવા કે	આપનુ-પોતાનુ	ખરો-સાચો
આડખાસે-આડીબાજુએ પડખાભેર,	પ્રકાશે-બતાવે,ઉઘાડુંકરે	ખુબ-ઘણો
	લડે-મારામારી કરે	ખારો-કડવો

૬ તે મારામારી કરે, કાંતો આડે પડખેપડે પછી પોતાનુ ખરૂ રૂપ બતાવે (કે હુ નઠારો નિશાળીઓ છું) તેને કાંઇ સારી શીખામણના બોલ કહે તે સાંભળતા તેને કડવા ઝેર જેવા લાગે છે તે નઠારો નિશાળીઓ નિશાળે જઇને કાંઇ શીખસે નહિ

કર્મફુટ્યો-અભાગીઓ	પિતા-બાપ	પ્યારો-વહાલો
છુટે-રજા મળે	માત-મા	

૭ તે અભાગીઓ નિશાળે મેહેતાજીને કનડે અને રજા મળે ત્યારે જાણે માંકડો છુટ્યો (મતલબકે જાણે નિશાળેથી રજા થાય ત્યારે વાંદરાની માફક તોફાન કરે.)

તે છોકરો તેના માબાપને વહાલો લાગે નહિ, તે નઠારો નિશાળીઓ નિશાળે જઇને કાંઈ શીખસે નહિ.

ધણેજોર-જોર જુલમથી બળાત્કારે	ઠોઠ-મૂરખ	વગરનો.
ઠીક-સારૂબરાબર	ઠાલો-કાંઈપણ આવડે નહિ એવો જ્ઞાન	ભીખીને-ભીખ માગીને.

૮ તેને ધણા જોરથી નિશાળમાં લાવીને બેસાડશો, તોપણ તે બરાબર શીખસે નહિ ને જ્ઞાન વગરનો મૂરખ રહેશે. તે ભીખ માગીને કે ભારો વેચીને પેટ ભરશે તે નઠારો નિશાળીઓ નિશાળે જઇને કાંઇ શીખશે નહિ.

પાઠ ૨૦ મો માખીનું બચ્ચુ.

મૂખથકી-મોઢેથી	પાસ-પાસે આગળ	સૂધી.
પ્યારા-વહાલા	જ્યાંસૂધી-જેટલાવખત	મા-નહિ

૧ એક માખી પોતાના વહાલા બચ્ચાં આગળ મોઢેથી બોલી કે હુ જ્યાંસૂધી જઇને આવું ત્યાં સૂધી તું આકાશમાં ઉડીશ નહિ.

ઉનામણો-પાણી ઉનું કરવા નું વાસણ.	ચૂકે-ભૂલે	જોખમ-નુકસાન
	ચોટ-ઘાવ, ઝડપ	

૨ કેમકે ત્યાં ઉના પાણીનો ચરૂ ઉકળે છે તેની પાસે જે જાય

છે તે ફરતાં ફરતાં દોર છુટી જાય તો તેના જીવનું નુકસાન થાય છે.

બુદ્ધિશાળ-થોડીબુદ્ધિનું કાચી બુદ્ધિનું.	દિલમાં-મનમાં ડહાપણુ ડોળવા-ડહાપ	ણ કરવા. તત્કાળ-તરતજ

૩ એમ કહીને માછી તો ગયા ને બચ્ચુ થોડી બુદ્ધિનું હતુ તેથી તરત મનમાં ડહાપણુ કરવા લાગ્યું.

વહેમ-શંકા	કેમ-શારીતે

૪ ઘરડાંતો વહેમ વધારીને ઘણી વાતો કરે છે હું ઉડીને આટલામાં ફરૂં તેમાં શારીને મરી જવાશ.

આંધળાઈ-આંધળા થઈને	વિનાશ-નાશ

૫ એમ કહી બચ્ચુ ઉડી ગયું, ને ઉકળતા પાણી આગળ પહોચ્યું, તેનુંજ અંધળાઈને તેમાં પડયું ગાડી તે મરી ગયું.

ચાલ-રીત.	માને-કહ્યું કરે	હાલ-દશા

૬ તે બચ્ચુ મરતાં મરતાં બોલ્યું કે જે મારા જેવી ચાલ ચાલે ને માબાપનુ કહ્યું માને નહિ તેની આવી દશા થાય છે.

પાઠ ૨૭ મો. પ્રાણી ઉપર હેત રાખવા વિષે

ગમેતેમ-મરજીમાં આવેતેમ.	હથોડે હાથે	અક્કલવિનાનો-બુદ્ધિવગરનો
	પ્રાણી-જીવ	
સમે-વખતે	અનર્થ-નઠારૂ કામ	આગ-દેવતા
બળે-દાઝીજાય	અર્થવિના-અમસ્તાજ	ડરી-બીહી.
પ્રીતે-હેતે.	મતલબ વગર	પારો-રાખો.
તજી-મુકીદઇ	અતિ-વધારે	

છોડે-સુકીદે	કુળ-વંશ

૧ કોઇ વખતે મન ફરી જાય છે ત્યારે પોતાની મરજીમાં આવે તેમ રમે છે અને દયા છોડી દઈને નાનાં જીવડાંને કાંટામાં પરોવા-ને દુઃખ દે છે

૨ કાંતો તેના પગ તોડીને પછી છોડી દે છે, કાંતો તેની આંખો ફોડે છે કાંતો તેને જોડે મારે છે કે હાથવતી ધુળમાં દાટે છે.

૩ એવાં ખપ વગરનાં ઘણાં નઠારાં કામ કરે ને બુદ્ધિ વગરનો ઝાડના મૂળમાં દેવતા મૂકે.

૪ તમે પરમેશ્વરથી બીહીને તેવાં પાપ મૂકી ઘો અને પ્રભુની પ્રીતિને માટે પ્રાણીઓના કુળમાં હેત રાખો.

ચરણાકુળ છંદ.

તોડે-ટુંપીનાખે	બાળે-જુએ.	ગલોલ-ગોળો
કેક કેટલાક	કેરી ની	ચિત-મન
ગુવાળે વાળવડે.	ધરે-રાખે	
તરફડતા-ધુજતા	નંમેરી-દયાવગરની	

૧ જીવડાંનો પગ અને પાંખો ઝાલીને તોડી નાંખે, પછી ખુશી થઇને જોવાને માટે છોડી દે કેટલાક તો વાળવડે ગળે ફાંસો ઘાલે છે. ને પછી જીવડાંના હાથને પગ તરફડતા જુએ છે.

૨ વળી કાંટા કે સોયની શૂળી બનાવીને તે દયા વગરનો માણ-સ ઘોચીને હાથમાં રાખે જે માણસ પંખી ઉપર ગલોલ મારે છે તે પાપી મનમાં કાંઇ વિચાર કરતો નથી.

પાઠ ૩૭ મો જગકર્તા.

જગકર્તા-જગતને બનાવ નાર પરમેશ્વર	જગ-દુનિયા ઉપજાવી-પેદા કરી	સંસાર-દુનિયા

૧ પરમેશ્વરે દુનિયામાં જે જે વસ્તુઓ પેદા કરી છે તેથી બધી દુનિયા સુખ પામે છે અને તેનો ગુણ ગણતાં છેડો આવતો નથી.

પૃથ્વી-જમીન પ્રૌઢ-મોટા હય-ઘોડો	બળવાન-જોરાવર વાહન-બેસવાનું વૈમાન-આકાશમાં ચ	ડરાતું વાહન.

૨ જમીન પાણી અનેમોટા ડુંગર તથા ઝાડીમાં ઘણાં ઝાડ છે તે તે સર્વે તેં બનાવ્યાં છે બળદ, ઘોડા અને હાથી એ ઘણાં જોરાવરને વિમાન જેવાં વાહન છે.

રવિ-સૂર્ય ચળકાટ-ઝળકાટ ઠીક-સારો	ઠાઠ-ભપકો સમાસમાના-વખત વખતના	સાજ-સામાન કાજ-માટે

૩ ચંદ્ર, સૂર્ય અને તારા તેનો ચળકાટ અને ભપકો સારો બનાવ્યો છે વળી વખતે વખતના સુખનો સામાન માણસને માટે કરેલો છે.

પાઠ ૪૬ મો ગાય વિષે.

ગુણવાળી-ફાયદાવાળી શીંગાળી-શીંગડાંવાળી	ખડ-ઘાસ આકાર-ઘાટ	

૧ ફાયદાવાળી અને શીંગડાંવાળી ગાય પાણી પીએ છે અને

ઘાસ ખાય છે તેનો આકાર એવો છે કે તેને ચાર પગ અને ચાર આંચળ છે

ભાળો-જુઓ	સંભાળ-જતન	
ગોવાળ-ગાયોચારનાર	પછવાડે-પાછળ, વાંસે	

૨ તમે ફરીને જુઓ તો તેની ખરીમાં ચીરો હોય છે વળી તેનો ઘાટ ઘણો સારો દેખાય છે તેને પછવાડે પુંછડે વાળ હોય છે અને હમેશાં ગોવાળ તેની સંભાળ રાખે છે

હોઠહલાવે-વાગોળે

૩ તે બેઠી બેઠી વાગોળે છે, તેમાં કોઈ કાળી, ધોળી કે રાતી હોય છે તેને દોહોતાં દૂધ ઘણું સારૂ દેખાય છે તેનાં દહીં માખણને ઘી થાય છે.

ઉપજે-થાય.

૪ પેંડા બરફી દૂધપાક ને ખીર એનાં થાય છે. તે ખાતાં ખાતાં થાક લાગતો નથી વળી બાસુદી, અને શીખંડ પણ એનોજ થાય છે તે ખાતાં પેટમાં ઠંડક થાય છે.

પાઠ ૫૭ ઈશ્વરની સ્તુતિ.

નિર્ધન-ગરીબ.	નીસરૂં-નીકળુ	

૧ જ્યારે હું ઘરની બહાર, શેહેરને બજારમાં ફરવા નીસરૂ છુ ત્યારે ઘણા ગરીબ માણસો મારી નજરે પડે છે અને બધો સંસાર દુઃખી દેખાય છે

બક્ષિશ-ઇનામ સામર્થ-જોરાવર	મુજને-મને સરજનહાર-પરમેશ્વર	કયમકરી-શીરીતે

૨ જોરાવર પરમેશ્વરે જે મને ઇનામ તરીકે આપ્યુ છે તે બધાનો હું શીરીતે ઉપકાર વાળીશ.

યોગ્ય-લાયક અધિક-વધારે	જગજીવન-જગતને જી- વાડનાર પરમેશ્વર	ભમે-ફરે, રખડે.

૩ હું લાયક નથી તોપણ પરમેશ્વરે મને બહુ આપ્યું છે ઘણા ભુખ્યા માણુસો ઘેર ઘેર ભીખ માગવા ફરે છે, પણ મને તો ખાવાને અનાજ આપેલું છે

ચોપાઇ.

કીર્તિ-આબરૂ	પ્રકાશ-દેખાવ	ફોગટ-નકામુ

૧ જમીન, દરિયો, આકાશ તે હે પરમેશ્વર તારી આબરૂનો દેખાવ છે જ્યાં જોઉં છું ત્યાં તારાં જબરાં કામ છે ને કાંઇ પણ ઠેકાણું નકામું નથી.

જશ-આબરૂ ભક્તિ-સેવા.	નીતિ-સદ્દાચરણ થાપ-થાપવુ એની સાથે	ચોટાડવું મૂકવું સંકટ-દુઃખ

૨ હે બાપ તારી આબરૂ ઘણી છે, હું હમેશાં સારી સોબતમાં રહીને તારી ભક્તિ કરૂં એવું આપ, અને આ દુનિયાનાં બધાં દુઃખ કાપી નાખ.

પાઠ ૬૪ મો ઇશ્વરનો ઉપકાર.

જન-માણસ ખુલ્લેઅંગ-ઉઘાડે શરીરે	વર્ણ-રૂંગ નવરંગ-નવા નવા રંગ	નાં, ભાતભાતના રં- ગનાં

૧ હું ઘણા માણુસોને ઉઘાડે શરીરે રસ્તામાં પડેલા દેખું છું અને

મને તો બધા શરીર ઉપર ભાતભાતના રંગનાં લુગડાં પહેરવાને મળે છે.

કંગાલ-ગરીબ	બિછાનું પાથરણું.

૨ કેટલા એક ગરીબ માણસોને રહેવાને ઘરબાર હોતાં નથી અને મનેતો રહેવાને ઘર ને સૂવાને માટે સારૂ પાથરણું મળે છે.

વય-ઉમર	સોગન-સમ	દીસે-દેખાય
કુર=નઠારાં	મુખે=મોઢે	જૂઠા-ખોટા
વચન=બોલ	વદે-બોલે	

૩ કેટલાક નાની ઉમરથી નઠારા બોલ બોલતાં શીખે છે, ને મોઢેથી ખોટા સમ ખાય છે તે પાપી માણસો દેખાય છે.

જ્ઞાન=સમજણ	હરીપ્રતાપ=પરમેશ્વરની મેહેરબાની	સુકૃત-સારાં કામ
ઉપદેશ=બોધ		આપ=પોતે

૪ મને પરમેશ્વરની મહેરબાની વડે બોધથી જ્ઞાન મળ્યું અને અને જો બીક રાખીને સારાં કામ કરૂં તો પરમેશ્વર મારા ઉપર રાજી રહેશે.

પાઠ ૭૫ મિત્રાચારી વિશે.

પંડિત=વિદ્વાન	પ્રથમ=પહેલાં	શાંત-ઠંડા
મિત્ર=ભાઇબંધ	પરણામ-નમસ્કાર	કરજોડી=હાથ જોડી
વદે=બોલે	ગંગાજળ=ગંગાનદીનું પાણી	સ્નેહ=પ્રીતિ
મુખ-મોઢું		સહિત-સાથે
મધુરી=મીઠી	કુશળ-હેમખેમ	મગ્ન-રાજી

વાણી=બોલી	આગમન—આવવાનું	મિત્રાઈ=ભાઈબંધી

૧ વિદ્વાને વિદ્વાન ભાઈબંધ ભેગા થાય, ત્યારે મોંઢેથી સારાં વચન બોલે છે.

૨ પહેલાંતો નમસ્કાર કરીને ગંગાજળ જેવું ચોખ્ખું પાણી પાય છે.

૩ પછી સોપારી ને પાન આપીને હેમખેમની ખબર પુછે છે.

૪ ત્યારકેડે હાથ જોડીને કહેછે કે અહીં પધારવાનું કારણ શું છે

૫ પછી સમજણુની વાતો કરી શાંત થઇને પ્રીતિ સાથે જુદા પડે છે.

૬ એવી રીતે વિદ્વાનની પ્રીતિ વડે ભાઇબંધીમાં મન રાજી રહે છે.

મુર્ખની મિત્રાચારીનો છપ્પો.

ગમત—મજા	ખેલી=રમી	જોખમકારી=નુકશાન કારી
પરસ્પર—એક બીજાને	બાજી—સોગટાંબાજી	
ધરશે=કરશે	સ્વાર્થ—મતલબ	

૧ મુરખ ભાઇબંધો ભેગા થઇને ગાળ દઇને મજા કરશે ને

૨ એક બીજાને લાત મારીને વાતમાં મશ્કરી કરશે.

૩ એ ભાઈબંધીનું મુળ એકે પોતે કેફ પીએ ને બીજાને પાય.

૪ પછી સોગટાં બાજીની રમત રમીને મારામારી કરીને ઘેર જાય છે.

૫ મોઢેથી મીઠું બોલે, ને મનમાં દગો રાખે અને મતલબ હોય ત્યાં સુધી સગપણ રાખે છે.

૬ માટે કોઇ દિવસ મુરખની ભાઇબંધીથી જીવને નુકશાન છે.

પાઠ ૮૧ જુગારી છોકરા વિશે.

છટેલ=છટી ગએલો.	છબીલો	રમનાર
બેહકી ગએલો	ઠગાય—છેતરાય	સંગ=સોબત
છેલ—વરણાગીઓ	જુગારી=જુગટું	ખતા=ધક્કા

૧ બેહેકી ગએલો અને છેલ છબીલો છોકરો ઘણે ઠેકાણે છેતરાય છે અને માર ખાય છે તે જુગટું રમનારની સાથે જાય છે અને ત્યાં પણ ઘણા ધક્કા ખાય છે.

ભમેલ—રખડેલ	ગમાર=મુરખ	પોઠીઓ—આખલો
પિતા—બાપ	ગોઠીયા—ભાઇબંધ	
કપુત=નઠારો છોકરો	પીટાય=મારખાય	

૨ તે ભૂતની પેઠે ભમે છે તેથી તેનો બાપ કહે છે કે એ નઠારો છોકરો છે. એવા ચાર મુરખ ભાઈબંધો ભેગા થઈને આખલાની પેઠે માર ખાય છે.

દુર્ગુણ=નઠારા ગુણ.	હાણ—નુકશાન	સાહી=નક્કી

૧ જુગટું છે તે નઠારા ગુણવાળું છે અને તેથી ઘણા લોકોને નુકશાન થાય છે. માણસને એ નક્કી વળગે છે, તે પાછું જતું નથી; મતલબકે જેને જુગટું રમવાની ટેવ પડી છે તે કોઇ જતીજ નથી.

વળગી—ચાંટી	મનખો=અવતાર	એબ=ખોટ, નકામું

૨ જુગટું એ નક્કી નઠારા ગુણવાળું છે તેમાં કાંઇ પણ ફાયદો નથી જે માણસ જુગટાને વળગી રહે તેનો અવતાર નકામો જાય છે.

પાઠ ૯૩ કેફ.

જગ=દુનિયા	કાજ—કામ	નાર
લાજ=આબરૂ	ભંગી—ભાંગ પીનાર	કસી—કેફ પીનાર
વિશ્વાસ—ભરોંસા	અફીણી—અફીણ ખા	

૧ દુનિયામાં કેફી માણસની આબરૂ હોતી નથી, ને તેને ભરો-સો રાખીને કોઈ કામ સોંપતુ નથી. ભાંગ પીનાર કે અફીણ ખાનાર કે બીજી કોઈ જાતના કેફ કરનારને કોઇ દીકરી આપતું નથી.

સોબત=સંગત	નિંદા—ખોટું બોલે અદ	શિર—માથું
ડરે=બીએ	ખાઈ કરે	ભ્રાંતિ—વહેમ
રખે—કદાચ	ઉચરે—બોલે	

૨ તેની સોબત કરતાં બધા માણસો બીએ છે કે કદાચ લો-કો નિંદા કરશે. કોઇ વખત કોઇ બીજો માણસ કાંઈ નગતુ બોલી શ.તે જો ત્યાં કેફી માણસ હોય તો તેને માથે વહેમ આવે છે.

ભલુ—સારૂ	કીર્તિવંત—આબરૂદાર	પીનાર
મનુષ્ય—માણસ	વ્યસની—બંધાણી કેફ	પસ્તાય—અફસોસ કરે

૩ સારૂં આબરૂદાર માણસ હોય તો પણ તેનો કોઈ તરત વિશ્વાસ કરતું નથી. જે કોઇ માણસને કેફનું વ્યસન પડે છે તે પછીથી ઘણો અફસોસ કરે છે.

રોષ=રીસ	લાજય—શરમાય	
દોષ—વાંક	ઉપાય—ઈલાજ	

૪ પછી એની રીસ કોના ઉપર કાઢે ? તે તો બધો વાંક રોગને માથે મુકે છે. જ્યાં પોતે એકલો હોય ત્યાં તે શરમાય છે અને પોતાનો

જેવા કેફી માણસને વધારવાને ઉપાય કરે છે.

ચેતો–સમજોને	પ્રીત=હેત	જીંદગી
ચિત્ત–મન	નાર–સ્ત્રી	ધિક્કાર=તુચ્છકાર
નર–માણસ	જીવતર–જીવ્યું	

૫ તે માટે બધા માણસો મનમાં સમજીને એવા માણસ સાથે હેત કરશો નહિ ને જે સ્ત્રી કેફી માણસને પરણી તેના જીવતરને ધિક્કાર છે

અંગ-શરીર	રેલ-પૂર	ખેલ-રમત

૬ કેફી વસ્તુની સોબત કરવી નહીં, કેમકે બળીને શરીરે વળગે છે સ.૫ કેફ ને પાણીનું પૂર તેની સાથે રમત કરશો નહીં.

પાઠ ૯૮ કેફ વિષે સમજણ.

પીજીએ–પીએ.	નગાહ=મોટાઇ.	વસો–રહો.
કીજીએ–કરીએ.	સદા=હમેશાં.	અશોક=સુખ

૧ કેફી વસ્તુ પીએ નહિ, ને વિચારીને કામ કરીએ તો લોકોમાં આબરૂ વધે, ને હમેશાં સુખમાં રહીએ.

અસુખ–દુઃખ.	સુલટું–સવળું, સારૂ.

૨ તમે વિચાર કરીને જુઓ કે કેફમાં હમેશાં સ્વાદ રહ્યો નથી, તેથી ઉલટું દુઃખ થાય છે, ને સવળું કામ સુઝતું નથી.

ખચીત--નક્કી.	પેઠું છું--ઓળખું છું.	પાધરું–પાંસરૂં, સીધું
ખરૂ-સાચું.	વેણ–બોલ, વચન	ઘટે–ઓછી થાય.

૩ તમે નક્કી માનજો કે હું સાચે સાચા બોલ બોલું છું, ને માણસ

કેફ કરે છે, તેની બુદ્ધિ ઓછી થાય છે.

પિંડ—શરીર,	છપાય—ઓળખાય	પ્યાર=હેત
જોડશે—કરશે	શરીરપાપથીભરાયછે=શરીરમાંરોગથાયછે	

૪ તેનું શરીર પાપથી ભરાય છે ને તે કેફીના નામથી ઓળખાય છે માટે વિચારીને કેફ કરવી છોડી દેશે તો પરમેશ્વર તેના ઉપર હેત કરશે

કુંડળીઓ.

કોધી—કેફી	બીચ—વચ્ચે	ચેત્યો—સમજ્યો
ચોહટું—બજાર	કુઠામ—નઠારે ઠેકાણે	નીચ—હલકો

કેફી માણસ કેફ કરીને ચૌટા વચ્ચે ચાલ્યો તે સારે ને નઠારે ઠેકાણે પડી ગયો, પણ તે નીચે સમજ્યો નહિ.

કીચ—કાદવ	કાયા—શરીર	ગાંઠ—લુગડાને છેડે
લપટાણી—ખરડાઇ	ગર્થ—પૈસા	માયા—પૈસા

તે નીચ સમજ્યો નહિ, તેથી તેનું શરીર કાદવથી બગડ્યું અને પોતાની ગાંઠે જે પૈસા હતા, તે એ મૂર્ખ માણસ ખોઇ બેઠો

પદવી—હોદ્દા	શરમ વગરની	ફોકટ—નકામો
નિર્લજ—લાજવગરની,	શિર—માથું	ફજેત—ગેરઆબરૂ

દલપત રામ કવી કહે છે કે એણે લાજ વગરનો હોદ્દો માથે લીધો કેફી માણસે કેફ કરી તેથી નકામો ફજેત થયો

પાઠ ૧૦૦ મો માણસ ઉપર હેત રાખવા વિષે.

ભરે—છે	મિત્રતાઇ—ભાઇબંધી	જુદાઇ—અંગાઇ
ભાઇ—બહેન	સંપીને—હળીમળીને	ભાઇબંધો

સાહી--રાખી	વસે-રહે	ભલાઇતણી-ભલાઇની
તજી--છોડીદે	સદાઇ-હમેશાં	વચન-બોલ
શત્રુતાઇ-દુસ્મનાઇ	સજનાઇ-માણુસાઇ સારાપણું	સુખદાઇ-સુખઆપનાર
દુઃખદાઇ--દુઃખ આપનાર	માન--આવકાર	તન-શરીર
	દેષ-અદેખાઇ	ટળે-જાય

હે ભાઇ તમે બધાની સાથે સગપણ રાખીને દુસ્મનાઇ છોડી-દો, અને ભાઇબંધીમાં મન રાખો ૨ જેવાં સગાં ભાઇ બહેન હ-ળી મળીને રહે છે, અને કોઇ દિવસ માણસોમાં જણાય એવી લડાઇ લડયાં નથી ૩ એવી માણસાઇ રાખીને લુચ્ચાઇ અને દગા-ગાઇ છોડીદો અને ભલાઇની ઇચ્છા રાખીને સારાં વચન બોલો ૪ તો સુખકારી માન મળે અને દુઃખકારી અદેખાઇ જતી રહે, મા-ટે જેથી મીઠાશ લોકે તેથી શરીરમાં સુખ થાય.

પાઠ ૧૦૬ અટકચાળો જીવો.

અડપલો=અટકચાળો.—અતિશે-વધારે—અડપલાં—અટકચાળાં,

૧ એક જીવોનામનો અટકચાળો છોકરો હતો, તેને ઠેકાણે જઇને બેસે ત્યાંતે ઘણાં અટકચાળાં કરતો.

ઠાં—ક. | ઝુમી=ઝુંટી, ઝુંટાવીને

૨ કાગળ, લેખણ કે છરી વગેરે જેજે વસ્તુ જુએ, તે હીરા જેવી હોય તોપણ એકદમ ઝુંટાવીને લે.

નાનાકહી—ના કહેવી. | ધારે—માને. | સાન—સમજણ.

૩ તે નાકહ્યું માને નહિ, અને કાંઇપણ કહેવામાં આવે, તે

કાનઉપર ધરે નહિ, એને પણ એક દિવસમાં બધી સમજાણ આવીગઇ
ચઢીયા માળ=મેડે ચઢયા. | અતિ આનંદ—ઘણી હોંસે | તત્કાળ—તરત.

૪ ડોસા ચશમા અને ડાબલી મૂકીને મેડા ઉપર ગયા, કે તરત-જ તે પેલે અડપલે છોકરે ઘણી હોંશથી લીધાં

ખાડાળાં-ચપટાં | ખબ—ઘણાં. | દેખવા—જોવા | ધારીને=નીહાળીને

૫ ચશમા નાક ઉપર ચઢાવ્યા તે ઘણાં ચપટાં હતાં, અને પગ ધબદઇને મૂકીને ડાબલી જોવાસારૂ લીધી.
શોરબકોર=બૂમરાણ.

૬ તેનું ઢાંકણું ઢીલું નહતુ, માટે ઉઘાડવાને ઘણું જોરકર્યું, તેથી ઉઘડતાં એકદમ ઉછળ્યું ને બૂમેબૂને પાડી

નપખીર=છીકણી. | ફાંકડો=ફાટલો, ફક્કડ
ધારી-રાખી. | ધીર=હિંમત, ધીરજ.

૭ તેમાંની છીંકણી આખા મોંઢા ઉપર પડી તેથી તે ફાંકડો હીંમત નહીં રાખતાં ફાંફાં મારવા લાગ્યો.

૮ ચશમાં હતાં તે ચોકમાં નાખીદીધાં, અને છીંછી કરતો છીંકો ખાવાલાગ્યો ને થુથુકરીને પણ થાકયો. અને જુવો રડતો જાય છે.
ચાળો—મશળો. | ચોધણ્ણો—ચારઘણો | અંધો—આંધળો. | ચૂરાચ-કડકા

૯ જેમજેમ ચોળે તેમતેમ આંખે ચાર ઘણો આંધળો થાય. પછી ડોસે દીકરો અને ચશમાના કડકા દીઠા.

ડારોદઇ—બીકદેખાડીને. | હાણ-નુંકસાન.

લાગનો--દાવનો. | લાકડકડા—લાકડવાયા.

૧૦ ડોસે બીક દેખાડીને કહ્યુંકે એકતો હસવું અને બીજુ નુકસાન થયુ છે. લાકડકડા જીવતા તુ એજ લાગનો છે.

ચશમાં--આકરાં, કઠણ.	ડાટ--ઘણા, ગજબ.	ઘાટ--કામ.
ડબ્બી--ડાબલી.—	ઘડયો--કર્યો	

૧૧ ચશમા તો આકરાં થઈ પડયાં અને ડાબલી એ ડાટ વાળ્યો તેથી જીવે ફરીને જીવતાં સુધી એવું કામ કર્યું નહિ.

પાઠ ૧૦૯ મો ઋતુઓનું વર્ણન.

શીતળ- ઠંડો	અનાજ થાય છે તે	પાન
પાનખરે--પાંદડાં, ખરીપડે	તેલચરે—તેલચોપડે	
કઠોળ--શાગની અંદર જે	તંબોળ—નાગવેલનાં	

૧ શિયાળામાં ટાઢો વાવાય પાંદડાં ખરીપડે અને ઘઉપેદા થાય ગોળ, કપાસ, કઠોળ પાકે લોકો શરીરે તેલ ચોપડે અને નાગરવેલના પાન ચાવે છે

શાલ--ઉચી જાતનું લુગડું	ગરીબતણા--ગરીબના
ભલીભાત—સારીરીતે	ઘટે--ઓછોથાય

૨ શરીરે ડગલી પહેરે છે અને શાલ ઓઢે ગરીબ માણસોના પગને ગલ ફાટી જાય છે. દિવસ નાનોથાય છે અને રાત મોટી થાય છે વળી શરીરમાં જોર પણ સારીરીતે આવે છે

સરોવર—તળાવ	કેશુડાં=ખાખરાનાં ફુલ	ગુણવાન ફાયદાકારક.

૩ ઉનાળામાં પાણી ઉડું જાય છે અને નદી તથા તળાવનાં પાણી સુકાઇ જાય છે ને બધી વનસ્પતિ ને નવાં પાંદડાં આવે છે. તથા સારાં

ફાયદાકારક કેશ્રાટાં થાય છે

હોજ--પાણીભરે લાકુંડ.	પ્યારા--વહાલા.	ચંદન- સુખડ.
લાગ--બાગે	વણુતોલ--ઘણુંાજ	વીજાણા-પંખા

૪ હોજ, ફુવારા, બાગ સુખડ, અને વીજણો એ વહાલાં લાગે છે કોયલ સારા મીઠા બોલ બોલે છે અને તાપ મણો પડે છે.

ખાસુ-સારૂ	ફુવા ફુગ-ભરપર	અનેતચોમાસામાં ગાય છે.
ખુબ-ઘણું	ફુવ્યારે-બોલે	
દીસ-દેખાય	મલાર-એરાગનુ નામ છે	ખેતીકાર-ખેડુત, ખેતી કરનાર.

૫ ચોમાસુ તો ઘણુંજ સારૂ છે ને દુનિયા પાણીથી ભરપૂર દેખાય છે લોક મલાર રાગ ગાય છે, ને ખેડુત ખેતર બાવે છે.

જાુઈ,જાય-એ ફુલનાં ના	મ છે	સાખડીઓ-પાવડીઓ

૬ ચંપા, ચંબેલી, જાુઈ, જાય અને ગુલાબનાં ફુલ સારાં ફુલે છે છત્રી માવડીઓ અને હીંચોળા ખાટ એ ચોમાસાના સુખને માટે છે.

પાઠ ૧૧૭ મો સંપ વિષે

સાલ-વરસ	રૂચી-મરજી ઇચ્છા	પંચ-પાંચ
મંત્રી-પ્રધાન	વિખ-ઝેર	તજી છોડીદઇ
અમલકરવા-રાજ કરવા	શાહ-બાદશાહ	સપન્ને-મળે, થાય
તખ્તપર-ગાદીઉપર	શાહજાદા-કુંવર	
જબ-જ્યારે	ચક્ષ-આંખ.	

૨ જ્યારે વિક્રમનુ સંવત. ૧૩૫૩નુ વરસ હતુ ત્યારે દિલ્લીની ગાદીએ અલ્લાઉદ્દીન બેઠો પછી જ્યારે તેના પ્રધાન મલેક કાફુરને રાજ કરવાની ઇચ્છા થઈ ત્યારે બાદશાહને ઝેર દઈને મારી નાખ્યોને

તેના કુંવરોની આંખો ફોડી નાંખી પણ એક મહીનો ને પાંચ દીવસ સુખ ભોગવીને નઠારી રીતે મુઓ તમે જરૂર વીચારીને જુઓ કે સંપ છોડી દીધાથી સુખ થાય નહિ.

આદિક-વગેરે	હણ્યો-માર્યો	સેવતે-રાખે
નૃપ-રાજા	નિજ-પોતાનો	રંક-ગરીબ
સેવ્યો-રાખ્યો	ભ્રાત-ભાઈ	પીડાયછે-દુઃખીથાયછે
વણુમોતે-વગર મોતે વગર મોતે	પ્રધાન-વજીર કારભારી	ધારતુ-માનતુ
	પિતુમાતે-માબાપે	

૨ દુનિયામાં દિલ્લી વગેરે જે જે દેશોના રાજા થયા, તેમાં જેણે સંપ ન રાખ્યો તે કમોતે મુઆ છે. કોઈ ને કુંવરે મારી નાખ્યો છે કોઈ ને પોતાના ભાઈએ મારી નાખ્યો છે કોઈને પ્રધાને મારી નાખ્યો ને કોઈને માબાપે મારી નાખ્યો સારી રીતે સંપ ન રાખે તો રાજા અને ગરીબ બંને દુઃખી થાય છે પૈસાથી કોઈ સુખ પામતુ નથી, પણ સંપથી સુખ થાય છે.

પાઠ ૧૩૬ મો લોભ અને સંતોષવિષે કવિતા.

કાર-વહેવાર.	ઘટે-ઓછીથાય.	પ્રૌઢી=ઘણી.
ઘણેરા-ઘણો.	મરજાદા. વિવેક, આબરૂ.	

૧ લોભથી ચાલતો વહેવાર ઓછો થાય છે, લોભથી માન અને મરજાદા ઓછી થાય છે, લોભથી સારો રીત રહેતી નથી અને લોભથી ઘણું હેત પણ રહેતું નથી.

ભાર-બોજ વકરઆબરૂ	લક્ષણ-ગુણ ટેવ	હલવો=હલકો.
વહેવાર=લેવડ દેવડ	ભારે-મોટો	

૨ લોભથી સારી આબરૂ રહેતી નથી, અને લોભથી વહેવાર

ચલાતો નથી. લોભથી સઘળા સારા ગુણ જાય છે. અને લોભથી મોટો હોયતે હળવો થઇજાય છે.

પ્રથય–પંકાશ, પ્રસિદ્ધથાય.	સમુદ્ર=બધુ	શુળ=શુળીજેવાં.

૩ લોભથી વિદ્યા પંકાતિ નથી, લોભથી બધું પુણ્ય જતુ રહેછે અને લોભથી બધાં સારાં લક્ષણ શુળજેવાં લાગે છે, લોભએ સઘળા પાપનું મૂળ છે.

એલોક=આલોક અને પરલોક મોહરૂપ=મોલગાડે તેવું લલચાવે તેવું	ક્ષોભ=દીલગીરી દોષ–અવગુણ	સંતોષ=જે મળે તેથી આનંદ માનવોતે.

૪ આલોકને પરલોકમાં લોભ ખુડાડે છે. પણ એ મોહરૂપ છે એ મોટી દીલગીરી છે. લોભમાં સઘળા અવગુણ રહેલા છે. અને સુખનું મુળતે સંતોષ છે.

વપુવાન=શરીરે	ન્યુન–ખોટ	પૂરણ પુણ્ય–પુરંપુણ્ય.

૫ સંતોષીને ઝાઝાં માનમળે છે. સંતોષી શરીરે શોભે છે, સંતોષીને કોઈ પણ જાતની ખોટનથી અને સંતોષી તો પુરેપુરા પુણ્ય વાળા હોય છે.

મહીપતિ=રાજા. અર્થ–મતલબ. ગર્થ–પૈસો

૬ સંતોષીને રાજાના જેટલું માનમળે છે સંતોષીને ઘણું અનાજ મળે છે. સંતોષી શબ્દનો અર્થ એ છેકે ગાંડા થઇને પૈસા શોધે નહિ.

૧૧૪ અમદાવાદ ના ભદ્રવિષે

ભદ્ર—કલ્યાણ. | ભલું=સારૂ | દિસે—દેખાય | ભયંકાર=બિહામણુ.

૧ ભદ્રનામનો અર્થ સૌથી સારો છે. એવું સઘળી દુનિયા જાણે છે. તોપણ શાકારણે શીકાળાશથી (આમદાવાદ નું)ભદ્ર બિહામણું દેખાય છે !

કાળા મુખવાળા—નઠારા મોઢાળાં એટલે નઠારા કામ કરનાર.	વશે—રહે કાળાંકૃત્ય—નઠારા કામ

૨ ત્યાં નઠારા કામ કાનાર નઠારા માણસ (કેદી)રહે છે તે કારણે અને તે કાળાશથી ભદ્ર બિહામણું લાગે છે.

અતિ—ઘણા, વધારે | પુસ્તક શાળા—લાઇબ્રેરી. | પેખ=જો.

૩ દુનિયામાં જેની આબરૂ વધારે છે એવા માણસોથી શોભતી આપુસ્તક શાળા જો.

સમાન=જેવા,	મૂલ્ય ન થઈ શકે તે.
ઉપજે—થાય	કારમી=નવાઇ
અમુલ્ય=કીમતી.	સ્કૂલ=નિશાળ

૪ કાચા કાચજેવા બાળકોનુ મૂલ્યજેનું મૂલ્ય નથઈ શકે તે વારત્ન ની બરે.બર થાય છે એવી કારમી કીમત થાય એવી આ નિશાળ તુ જો

મતલબ-આ છંદમાં હાઈસ્કૂલનું વર્ણન છે. કાચા કાચજેવા એટલે પથરાજેવા સમજણ વગરના બાળકો હાઇ સ્કૂલમાં કેલવણી

લઈ મોટા દરજ્જાવાળા થાય છે.

સ્વર્ગ=દેવલોક, આઠેકાણે દેવ દર્શનની જગા; સેહેજ—સેહેલાઈથી

નર્ક=નઠારી જગા, આઠેકાણે કેદખાનુ.

૫ સ્વર્ગ નર્ક અને આલોક સંબંધી કામકાજના સઘળા રસ્તા (આઠેકાણે)એ સેહેલા છે. તે (ત્રણ દરવાજાને સ્વર્ગ નર્ક અને આલોકમાં સુખ મેળવાના દરવાજાની ઉપમા અપી છે, કેમકે એક દરવા જાની સામે ભદ્રકાળી માતા અને નદીએ નહાવા જવાનો રસ્તો છે, તેને સ્વર્ગનો દરવાજો કહેલો છે, ને બીજા દરવાજાની સામે જેલમાં જવાનો રસ્તો છે માટે તેને નર્કનો દરવાજો કહેલો છે. ને ત્રીજાદરવાજાની સામે પુસ્તકશાળા, હાઈસ્કુલ ને જડજ વગેરે બીજા અધિકારીની મોટી કોરટો આવે છે, માટે તેને આ લોકમાં સુખ મેળવવાનો રસ્તો કહેલો છે.

સામગ્રી=સામાન મનરંજ—મનરાજીથાયએવો. કારંજ=ફુવારો.	જુક્તિ=કળા-	બાદશાહી વખતમાં ત્યાં ફુવારો હતો ને તે ઠેકાણે આજે બંગલો થએલો છે,

તેથી તે બંગલાને કારંજનો બંગલો કહે છે.

જ્યાં મનને ખુશી કરે એવો સુખનો સારો સામાન મળે તેવો આ કારંજનો બગલો બનેલો છે તે તુ જો.

મતલબ કે કારંજના બંગલામાં ઘણોજ સુખનો સામાન વેચાય છે

ચડતેપહોરે—દિવસઉગતાં. ચોક—માણેકચોક.	બજાર=ગુજરી.

૭ શુક્રવારે આ ઠેકાણે ભારી શોભા થાય છે, અને દિવસ ઉગતાથી માણેકચોકમાં સારી ગુજરી ભરાય છે.

ઠામ—ઠેકાણું. | દિલમાં=મનમાં. |

૮ આ તો અમદાવાદમાં મનને ઠરવાનું છે, એ જોઇને દલપત-રામ કવિ મનમાં રાજી થયા.

પાઠ ૧૫૯ મો કોઇને હલકો ન ગણવો.

પ્રજા—રૈયત,વસ્તી	પિતા=બાપ.	કુટુંબ=પોતાના બાઇડીછો
સંસાર=દુનિયા	પરિવાર—વસ્તાર,વંશ	કરાં છૈયાં વગેરે.

૧ આ સઘળો સંસાર પરમેશ્વરની પ્રજા છે, અને આપણે એકજ કુટુંબનાં ને એકજ માબાપનાં છોકરાં છીએ.

ધનહીણા=ધનવગરના. | ધનવાન=પૈસાદાર, | સમાન—સરખા.

૨ તેમાં કોઇ કાળા, કોઈ ગોરા, કોઇ ગરીબ ને કોઇ પૈસાદાર છે, પણ કોઇને હલકો કહેવો નહિ, અને બધાને સરખા ગણવા

અવગુણને બદલે ગુણ.

અવગુણ—નુકસાન	સજ્જન=સારામાણસ.	સુવાસ=સારીગંધ.
ગુણ=ફાયદો.	અભ્યાસ=લક્ષણ,ટેવ,મહાવરો	

૩ અવગુણ ઉપર ગુણ કરે એ સારા માણસનું લક્ષણ છે. જેમકે સુખડને સંગાતીએ છીએ તોપણ તે સારીવાસ આપે છે.

કાળ—રીસ.	અજ્ઞાની=મૂરખ,અણસમજું	દયા
આળ=વાંકઅડપણું,	દયાળ—દયાળુ.	

૪ નાનું છોકરું વાળ ખેંચે, પણ કદી રીસ ચડે નહિ, તેમ અણ સમજુ માણસ કાંઇ વાંક કરે તો મનમાં દયા લાવવી.

ડીકટેસન.

जूनी	भूखे	निशाळे
कविता	अधमुओ	पूरो
सूरज	सूजतो	हिसाब
परमेश्वर	सिपाइ	गुरुजी
विषे	विचार्युं	अतिशे
चंद्रमा	लूंटवुं	चिंता
पशु	मनसुबो	लूगडां
सरज्युं	बूम	प्रकाशवुं
रेनडीअर	कूतरो	पिता
सिंह	पूरणपोळी	पुत्र
किनारे	आफूस	कर्म
दरिया	दूधपाक	लुच्चा
नाळिएरी	अतिसुख	मुकाशे
मुद्दल	छाबो	उद्यम
शोभिता	मुंबइ	विनंति
प्राणीओ	आज्ञा	मूर्ख
परिताप	धर्म	सुखी
कुमति	भुंडा	महिना
परगणुं	जूठुं	फूटे
फूलडां	बेकीकरुं	पूरीओ

अमेरिका
गुजरात
कुंकणी
पुछडी
कादवो
ईडां
एशिआ
दक्षिण
विलायत
बिचारो
दिवस
पुछयुं
बन्नुं
तत्काळ
विनाश
बुद्धि
अंजाइ
पडपूछ
नित्य
मजे
बिलाडीओ
पह्लां

न्यात
त्राजुडी
छूटको
लडाई
ऊन
चित्रेलां
अंगरखु
मुंवाळा
वहु
टूंका
सारुं
रूवाटी
रूपाळा
शूळी
प्रभु
मुवाळो
मश्करी
गुंगळातु
सूतरीआ
पूणी
कसुंबी
रेंटीओ

पींजारा
खूब
ओचिंतु
ऊंचुं
मूम
भट्टी
प्रीत
फिरकी
निर्दय
जूठाणु
धिक्कार
धृणावी
नुकशान
शोकु
दूध
उगारवुं
खुशामत
अक्कल
कुरकुरीआं
हृदय
मूढ
मुख्य

कृपा	ऊंट	वृमेदम
चतुराइ	साक्षी	आंफळीफांफळी
जुगार	मियांसाहेब	जुक्ति
जगकर्त्ता	जादुगर	ग्रुण
प्रौढ	शाबाशी	शीशोळीआं
पैमान	अनुमान	शारडी
प्रीति	वांणया	हथियार
चिट्ठी	चित्त	प्रदक्षिणा
दर्झी	गीगडां	पृथ्वी
रात्रि	सांपणा	अंगार
जाग्रति	डुंगर	समुद्र
सूर	मंदों	उत्तर
अणीशुद्ध	शींगाळी	दक्षिण
हिंमत	बिलाडी	पूर्व
युक्ति	अक्कल	पश्चिम
राचवीलीं	निमाळा	दिशाओ
दाणादूणी	सुंवाळा	नमूना
लूगडांलत्तां	हुंफाळा	आफ्रिका
वासणकूसण	किनखाब	आस्ट्रेलिआ
सूतार	गर्जना	दरियो
कुटुंब	धूळ	युरोप
जवाहिर	पिछोडीं	नकशो

निर्धन	विवेक	आहित
बखशिस	कुशळता	मीरजाई
समर्थ	मित्राचारी	मुगलाई
अधिक	पंडित	धुम
नीति	फक्का	भूमी
कीर्त्ति	शिरोई	मिनिट
भक्ति	जुगारी	वडीआळ
खून	जुगटुं	वनस्पति
गीता	प्रमाणिका	शिआळे
लक्ष्मी	कर्तुक	नास्तिक
गिरेबाज	इंद्रियो	मंत्री
शिराजी	सद्गृहस्थ	आदिक
कबूतर	शिखर	निज
मूर्छा	ज्वाळामुखी	दिल्ली
क्रुर	चमत्कार	खुशबोदार
सुक्रत	अभिमान	हिंदी
हरि	पुष्प	आटलांटिक
सिक्का	धूमाडो	पासिफिक
कालिफोर्निआ	निद्रा	अनुकूळ
कदापि	भ्रांति	मुद्राछाप
हथियार	कीर्तिवंत	शिळाछाप
माणिको	निहाळवुं	नामीचो

इलाको	द्वारका	हिंसा
जिल्लो	खजूर	तृष्णा
गवर्नर	बेवकूफ	मूर
संस्थान	विशाळ	मणा
महीकांठो	स्कूल	निशा
काठिआवाड	स्वर्ग	शियाळ
त्रिलोरी	नींदी	बुड्ढा
प्रौढा	उंदर	मिया
न्यून	इंडां	परिवार
बपूवान	वृद्धि	धनहीणा
पद्म	विचार्यु	रतीपुर



દેશી હિસાબ.

શેરનાં લેખાંની કુચીઓ.

૧ જેટલે રૂપિયે શેર તેથી અઢીગણે દોકડે રૂપીઆભાર.

૨ જેટલે રૂપીયે શેર તેટલા આનાનું અધોળ ને તેથી બમણે આનેનવટાંક.

૩ શેરનો ભાવ જેટલા રૂપીયા કહ્યા હોય, અને જેટલા રૂપીયાભારનું કરવું હોય તે બંનેનો ગુણાકાર કરી જમણી બાજુનો આંકડો કાપવો બાકી જે રહે તે પાવલાં જાણવાં, અને કાપેલા આંકડાને અઢીએ ગુણતાં જે આવે તે દોકડા જાણવા.

મણનાં લેખાંની કુચીઓ.

૧ જેટલે રૂપીયે મણ તેથી અઢી ગણે દોકડે શેર

૨ જેટલે રૂપિયે મણ તેટલા આનાનુ અઢીશેર. અધા આનાનુ સવાશેર. અને તેટલા પૈસાનુ અધશેર ને નવટાંક.

૩ જેટલે રૂપિયે મણ તેટલી બદામનું રૂપિયાભાર

૪ મણનો ભાવ જેટલા રૂપિયા કહ્યા હોય, અને જેટલા શેરનુ કરવું હોય, તે બંનેનો ગુણાકાર કરી જમણી બાજુનો આંકડો કાપવો, બાકી રહે તે પાવલાં જાણવાં, અને જમણી બાજુના આંકડાને અઢીએ ગુણતાં જે આવે તે દોકડા જાણવા.

કળશીના લેખાંની કુચીઓ

૧ જેટલે રૂપીએ કળશી તેટલા આનાનુ મણ

૨ જેટલે રૂપિયે કળશી તેથી અઢી ગણી બદામે શેર.

૩ જેટલે રૂપિયે કળસો તેટલી વીસવાસીએ રૂપિયાભાર.

૪ કળસીનો ભાવ જેટલા રૂપિયા કલ્યા હોય, અને જેટલા શેરનું કરવું હોય તે એનો ગુણાકાર જમણી બાજુનો આંકડો કાપવો બાકી રહે તેટલા પૈસા જાણવા ને જમણી બાજુના આંકડાને અઢીએ ગુણતાં જે આવે તે બદામો જાણવી.

લેખાં ગણવામાં ઉપયોગી બાબત.

૧ અઢીને પાયે ગુણીએ તો અડધો દોકડો બે બદામ આવે.

૨ અઢીને અડધાએ ગુણીએ તો ૧। દોકડા આવે.

૩ અઢીને પોણે ગુણીએ પોણા બે દોકડાને બે બદામો આવે.

૪ રૂપિયાને રૂપિયાએ ગુણીએ તો જવાબ રૂપિયા આવે

૫ રૂપિયાને આનાએ ગુણીએ તો જવાબ આના આવે.

૬ આનાને આનાએ ગુણીએ તો જવાબ ઉપઆના આવે.



મુબાઇ ઇલાકાની ભુગોળ વિદ્યા.

રાજ્યનિતિ.

આ ઇલાકાનો રાજ્ય કારભાર ચલાવવા સારૂ કૈશરહિંદ મહારાણી વિક્ટોરીયા તરફથી મુબાઇ શેહેરમાં એક મુખ્ય અધિકારી રહે છે તેને ગવરનર કહે છે.

એમને મદદ કરવાને એક્સીલ કે મંત્રી મંડળ છે. આ ઇલાકામાં બ્રિટિશ અને દેશી સત્તા ચાલે છે. વડોદરા સિવાય બાકીનાં દેશી રાજ્યો મુંબાઇ સરકારના હુકમ નીચે છે, અને ગાયકવાડ સરકારને કે ઇંગ્રેજ સરકારને ખંડણી આપે છે. તેમનો સમુદાય બાંધી એજન્સિઓ ઠરાવેલી છે. એ એજન્સિઓ ગવરનર સાહેબના પોલિટિકલ એજટોના અધિકાર તળે રાખવામાં આવેલી છે. અને મોટાં સંસ્થાનોને સારૂ રેસીડેંટ રહે છે. તેઓ દેશી રાજ્યો ઉપર દેખરેખ રાખી ખંડણી વસુલ કરે છે.

ખાલસા મુલકનો વહીવટ કરવાને સારૂ જીલ્લા ઠરાવેલા છે અને જીલ્લાના તાલુકા કર્યા છે, જીલ્લાઓનો વહીવટ કરવાને કલેક્ટર રાખેલા હોય છે, તેઓ સરકારની જમાબંધી વસુલ કરે છે, અને તેઓ મુલકી અને ફોજદારી ખાતાનું કામ કરે છે. તેમને મદદ કરવાને આ સિ. કલેક્ટર તથા ડેપ્યુટી કલેક્ટર અને હજુર ડેપ્યુટી કલેક્ટર હોય છે. તાલુકામાં કલેક્ટરની વતી મામલતદાર અને તેમને મદદ કરવાને

ગામડાઓમાં તલાટીઓ રહે છે, તે પોતાના ગામનું મહેસુલ ઉઘરાવી તાલુકામાં ભરે છે.

લોકોના જાનમાલના રક્ષણ માટે લશ્કરી અને પોલિસખાતુ રાખેલું છે. લશ્કરી લોકો શત્રુથી રક્ષણ કરે છે, ને પોલિસના ગાણુસો ચોર લુંટારા વગેરેને પકડી ઈનસાફ થવા માજીસ્ત્રેટને સોંપે છે. જીલ્લાની પોલિસનો ઉપરી પોલિસ સુપરીટેંડંટ હોય છે અને તેના હાથ નીચે પોલીસ ઇન્સ્પેકટરો અને તાલુકામાં ફોજદાર રહે છે.

સડકો, નવાણ, મકાનો વગેરે બાંધ કામને સારૂ ઇજનેરખાતુ સ્થાપવામાં આવેલું છે.

જમીનમાંથી વીઘોટીના દર ઠરાવી આપવાને સરવૈખાતું રખવામાં આવેલું છે.

વળી દેશાવરના કાગળો પહોંચાડવાને પોષ્ટખાતુ સ્થાપવામાં આવેલું છે કેળવણીને સારૂ નિશાળો, અને ગરીબ લોકોને મફત દવા આપવાને દાક્તરો રાખવામાં આવેલા છે

જીલ્લાને માટે એક ડીસ્ત્રીકટ જડજ એટલે મુખ્ય ન્યાયાધિશ હોય છે. ખુન, ધાડ વગેરે મોટા ગુન્હા કરનારને માજીસ્ત્રેટોએ મોકલ્યા હોય તેના ઇનસાફ કરે છે, તથા લેણદેણ સબંધીનાં મોટા દાવા પણ તેજ સાંભળે છે. લેણદેણ સબંધીની ફરીઆદોના સબંધમાં જડજને મદદ કરવાને સબોર્ડીનેટ જડજ (મુનસિફ) રાખવામાં આવેલા છે. તમામ ન્યાય ખાતાનું ઉપરી પણું મુંબાઇની હાઇકોર્ટને સોંપવામાં આવેલું છે.

મુંબાઇ ઇલાકો.

હિંદુસ્તાનની પશ્ચિમે જે સાંકડો મુલક છે તેને મુંબાઈ ઈલાકો કહે છે. આ ઇલાકામાં લગભગ ૨કરોડ માણસની વસ્તી છે. અને તેનું ક્ષેત્રફળ ૧, ૯૪, ૧૮૯ ચો. મૈલ છે. એમાં દેશી રાજ્યોની અને ઇંગ્રેજ સરકારની સત્તા ચાલે છે. તે સિવાય ફીરંગી અને હબસીનાં પણ સંસ્થાન છે. લોકો હિંદુ, મુસલમાન પારસી ને યાહુદી વગેરે રહે છે.

મુખ્યપેદાશ—ઘઉં, બાજરી, જુવાર, કઠોળ, કપાસ, શેરડી, તમાકુ, અફીણ, ગળી, વગેરે છે.

સીમા—ઉત્તરે બલુચિસ્તાન, પંજાબ, અને ભાવલપુર સંસ્થાન પશ્ચિમ દિશાએ હાલા પર્વત બલુચીસ્તાન અને અરબી સમુદ્ર, દક્ષિણે અરબી સમુદ્ર અને મૈસુરનાં રાજ્ય, પૂર્વે રજપુત સંસ્થાન અને મધ્ય પ્રાંત છે.

ભાગ—આ ઇલાકાના પાંચ ભાગ કર્યા છે. (૧ સિંધ, (૨) કચ્છ, [૩] ગુજરાત. [૪] મહારાષ્ટ્ર [૫] દક્ષિણ મહારાષ્ટ્ર અને ઉત્તર કાનડા.

૧ સિંધ પ્રાંત.

સીમા—ઉત્તરે બલુચિસ્તાન અને પંજાબ, પૂર્વે રજપુત સંસ્થાન અને જેસલમીરનું રણ, દક્ષિણે અરબી સમુદ્ર અને કચ્છનું રણ, પશ્ચિમે હાલા અને સુલેમાન પર્વત.

નદીઓસિંધુ—એ હિમાલય પર્વતમાંથી નીકળી અરબી સમુદ્રને

મળે છે, તેના ઉપરનાં ગામ—સક્કર, બક્કર, હૈદ્રાબાદ, ઠઠ્ઠા, કરાંચી મીઆાની, કોટ્રી ને શાહબંદર.

બંદર—કરાંચી.

દેશીરાજ્ય—ખૈરપુર એમાં નવાબનું રાજ્ય છે.

આ પ્રાંતમાં નીચે પ્રમાણે છ ભાગ છે.

ભાગનું નામ	મુખ્ય શેહેર.
[૧] સિંધનો ઉપલો સરહદનો મુલક	જેકબાબાદ
(૨) શિકારપુર જીલ્લો	શિકારપુર.
[૩] હૈદ્રાબાદ જીલ્લો	હૈદ્રાબાદ.
(૪) કરાંચી જીલ્લો	કરાંચી
(૫) થરપારકર જીલ્લો	ઉમરકોટ
[૬) ખૈરપુર સંસ્થાન	ખૈરપુર

મુખ્યશહેરો—જેકબાબાદ, શિકારપુર, હૈદ્રાબાદ, કરાંચી, ઉમરકોટ, ખૈરપુર, હાલા, મીઆણી, ઠઠ્ઠા, કોટ્રી શાહબંદર, નગરપારકર, લારખાન, સક્કર, બક્કર,

ભાષા—સિંધી.

વિશેષહકીકત—આ દેશમાં વરસાદ બહુ થોડો વરસે છે. પણ સિંધુ નદીમાં પૂર આવી આસપાસની જમીનમાં પાણી ફરી વળે છે તે વડે ખેતીનુ કામ થાય છે.

સીંધુ નદીમાં મુલતાન સુધી આગબોટ ચાલે છે. બીજુ જાણવા જેવું એજે કે ઉનાળામાં સીંધુ નદીમાં પુર આવે છે.

પેદાશ—જુવાર, ડાંગેર, બાજરી, ઘઉં, મગ, જવ, તેલબીયાં વગેરે.

૨ કચ્છ પ્રાંત.

સીમા—ઉત્તરે, પૂર્વે, સિંધ પ્રાંત, અને કચ્છનું રણ, દક્ષિણે કચ્છનો અખાત અને આરબી સમુદ્ર પશ્ચિમે આરબી સમુદ્ર.

પર્વત—ઉત્તરધાર કાળા, અને લાખી.

બંદર—માંડવી, મુદ્રા, લખપત, જખૌ તુણા.

તાલુકા—૧ પાવર, ૨ મોઆણી, ૩ બન્ની, ૪ પચ્છમ, ૫ ખડીર, ૬ પ્રાંથલ, ૭ વાગડ ૮ અંજારચોવીસી ૯ ભુજચોવીસી, ૧૦ હાલાચોવીસી, ૧૧ કાઠી ૧૨ મોડાસા ૧૩ અબડાસા, ૧૪ કંડ ૧૫ ગરડો, ૧૬ ચોક.

મોટાંગામ—ભૂજ એ રાજધાનીનુ શેહેર છે. માંડવી, મુદ્રા, લખપત, જખૌ, તુણા, અંજાર, રાપર, અધોઇ, બેલા, નળીઆ, કડોરા સમુરીશાહ, ભદ્રેસર, કેરા, કંથકોટ.

મુખ્યનિકાશ—બાજરી, જુવાર, મીઠું, મગ, ઘઉ, મઠ, રૂ, ઉન વગેરે.

વિશેષહકીકત—આ દેશ દેશી રાજાના તાબામાં છે, તે જાતે જાડેજા રજપુત છે. ત્યાંના રાજાને રાવ કહે છે ભુજમાં અંગ્રેજી છાવણી છે. ભુજમા સોનેરી ભરતનું કામ સારૂ થાય છે.

૩ ગુજરાત પ્રાંત.

સીમા—ઉત્તરે શીરોહી અને આબુ પર્વત, પશ્ચિમે કચ્છનો અખાત, અને આરબી સમુદ્ર; દક્ષિણે થાણા જીલ્લો, પૂર્વે મેવાડ, માળવા, અને ખાનદેશ જીલ્લો છે.

આ દેશનો કેટલોક ભાગ ઇંગ્રેજ સરકારનો ખાલસા છે. અને કેટલોક દેશી રાજાઓના તાબામાં છે ખાલસા મુલકના પાંચ જીલ્લા ઠરાવેલા છે. અને દેશી રાજ્યોની છ એજન્સિઓ અને બે સંસ્થાન મળી તેર ભાગ કરેલા છે તે નીચે પ્રમાણે.

ભાગનું નામ.	મુખ્ય શેહેર.
૧ સુરત જીલ્લો	સુરત
૨ ભરૂચ જીલ્લો	ભરૂચ.
૩ ખેડા જીલ્લો	ખેડા
૪ પંચમહાલ જીલ્લો	ગોધરા, દાહોદ
૫ અમદાવાદ જીલ્લો	અમદાવાદ.
૬ કાઠીઆવાડ એજન્સિ	રાજકોટ
૭ પાલણપુર એજન્સિ	પાલણપુર, ડીસા
૮ મહીકાંઠા એજન્સિ	સાદરા, ઈડર
૯ રેવાકાંઠા એજન્સિ	નાંદોદ, બારીઆ, છોટાઉદેપુર.
૧૦ ગાયકવાડનો મુલક	વડોદરા
૧૧ ખંભાત સંસ્થાન	ખંભાત.
૧૨ પંચમહાલ એજન્સિ	નારૂકોટ.
૧૩ સુરત એજન્સિ	વાંસદા, ધરમપુર, સચીન.

૧ સુરત જીલ્લો.

તાલુકો—૧ પારડી, ૨ વલસાડ, ૩ ચીકલી, ૪ જલાલપોર, ૫ બારડોલી, ૬ માંડવી, ૭ ચોરાશી, ૮ ઓરપાડ.

નદીઓ—૧ તાપી એ સાતપુડા પર્વતમાંથી નીકળી આરબી સમુદ્રને મળે છે એના ઉપરનાં ગામ બુરાનપુર, રાંદેર, માંડવીને સુરત છે. (૨) કીમ [૩] મીંઢોલા, (૪) પુર્ણા, (૫) અંબિકા, [૬] પાર, ૭ કોલક, ૮ દમણગંગા, ૯ કાવેરી, ૧૦ ઔરંગા.

મુખ્યગામ—સુરત, વલાસાડ, ચીખલી, બારડોલી, માંડવી, ઓરપાડ, પારડી, રાંદેર, વગેરે.

બંદર—સુરત, વલસાડ.

ડુંગર—પારનેરા

પેદાશ—રૂ, શેરડી, કેળાં, ડાંગેર વગેરે.

વિશેષહકીકત—ઉદવાડામાં પારસી લોકોના આતસ બેહેરામની જગા છે માટે તે પારસીઓનું જાત્રાનું ઠેકાણું છે.

૨ ભરૂચ જીલ્લો.

તાલુકા—ભરૂચ, અંકલેશ્વર, વાગરા, આમોદ, જબુસર

નદીઓ—(૧)નર્મદા એ સાતપુડા પર્વતમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે તેના ઉપરનાં ગામ—ચાણોદ, ૨ કન્યાળી, ૩ નાંદોદ ને ભરૂચ છે.

(૨) મહી—એ માળવાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. તેના ઉપરનાં ગામ—લુણાવાડા ને ખંભાત.

(૩) **ઢાઢર**—એ રેવા કાંઠાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. તેના ઉપરનાં ગામ ટંકારીઆ.

મૂખ્યગામ અને શેહેર—ભરૂચ, અંકલેશ્વર, વાગરા, આમોદ, જંબુસર, હાંસોટ, ને ટંકારીઆ.

બંદર—ભરૂચ.

તિર્થનાંઠેકાણાં—તવરા, શુકલતીર્થ, ને ભાડભૂત.

બેટ—ધંતુરીઆ ને કાસવા. એ નર્મદા નદીમાં છે.

૩ ખેડા જીલ્લો.

તાલુકા—કપડવંજ, ઠાસરા, નડિઆદ, મેહેમદાવાદ, માતર આણંદ, ને બોરસદ.

નદીઓ—૧ વાત્રક એ ડુંગરપુર પાસેથી નીકળી સાબરમતીને મળે છે. તેના ઉપરનાં ગામ—આતરસુંબા, મેહેમદાવાદ, ને ખેડા. ૨ મહી (૩) મેશ્વો એ વાત્રકને મળે છે. [૪] શેઢી એ વાત્રકને મળે છે (૫) મહોર, (૬) ખારી.

મુખ્યગામ—ખેડા, કપડવંજ, ઠાસરા, નડીઆદ, મહેમદાવાદ, માતર, આણુંદ, બોરસદ, મહુધા, ડાકોર, ઉમરેઠ, કરમસદ

જાત્રાનાંઠેકાણાં—ડાકોર, ને વડતાલ.

પેદાશ—તમાકુ, રૂ, ગળી, આદુ, શેરડી, અનાજ.

૪ પંચમહાલ જીલ્લો.

તાલુકા—ગોધરા, કાલોલ, દાહોદ,

પર્વત—પાવાગઢ.

નદી—મહી.

મુખ્યશેહેરો—ગોધરા, હાલોલ, કાલોલ, દાહોદ. ઝાલોદ, સેહેરા. વેજલપુર,

જાત્રાનાં ઠેકાણાં—પાવાગઢ ટુવા, કાંકણપુર.

પેદાશ—મહુડાં ઇમારતી લાકડાં.

૫ અમદાવાદ જીલ્લો.

તાલુકા—પ્રાંતીજ, વીરમગામ, ધોળકા, દસક્રોઈ, ધંધુકા, ધોધા સાણંદ.

નદીઓ—૧ સાબરમતી એ અરવલ્લીના ડુગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે, તેના ઉપરનાં ગામ સાદ્રા ને અમદાવાદર)વાત્રક (૩) હાથમતી (૪) ખારી, [૫] શેઢી (૬) સુખભાદર.

મૂખ્ય—શહેરો—અમદાવાદ, પ્રાંતીજ, વીરમગામ, ધોળકા, ધંધુકા, ધોધા, સાણંદ, પાટડી, માંડલ, ધોલેરા, રાણપુર, બરવાલા વગેરે.

બંદર—ધોલેરા, ધોધા.

તળાવ—કાંકરીઉં અમદાવાદમાં, મલાવ ધોળકામાં મુનસર ને ગંગાસર વીરમગામમાં, નળ,

પેદાશ—રૂ, શેરડી, ડાંગેર, વગેરે.

વિશેષહકીકત—ખારા ઘોડામાં મીઠું પાકે છે.

૬ કાઠીઆવાડ એજન્સિ.

૧ આ એજન્સિમાં ઘણાં નાનાં સંસ્થાન આવેલાં છે તેના બંદોબસ્ત માટે રાજકોટમાં પોલિટિકાલ એજંટ રહે છે. તેને મદદ કરવાને ચાર આસિસ્ટંટ પોલિટિકલ એજટો છે આ એજન્સિમાં ચાર પ્રાંત કરવામાં આવ્યા છે તે દરેક પ્રાંતમાં એક એક આસિસ્ટટ પોલિટિકલ એજટ છે તે પ્રાંતો નીચે પ્રમાણે છે.

પ્રાંતનુ નામ	આસિ. પોલિટિકલ એજંટ સાહેબની કચેરી.
૧ ઝાલાવાડ	વઢવાણ કેમ્પ.
૨ ગોહીલવાડ	સોનગઢ.
૩ સોરઠ	જેતલસર
૪ હાલાર.	રાજકોટ.

નદીઓ—ભાદર, શેત્રુંજી આજી, મચ્છું, ભોગાવો.

પર્વત—ચોટીલા, ગીરનાર, બડો, શેત્રુંજો, ગીર.

બંદર, વવાણીઆ, જોડીઆ, સલાયા દ્વારકાં, પોરબંદર, માંગરોળ, દીવ, જાફરાબાદ, ભાવનગર.

પ્રાંતવાર મોટાંગામ.

૧ ઝાલાવાડ—ધ્રાંગધ્રા, લીંબડી, વઢવાણ. વાંકાનેર, લખતર સાયલા, ચુડા, બજાણા, મુળીહલવદ વગેરે.

ગોહીલવાડ—ભાવનગર, પાલીતાણા, વળા, લાઠી, મહુવા તળાજા વગેરે.

૩ સોરઠ—જૂનાગઢ, બાટવા, કોડીનાર, વેરાવળ, પોરબંદર જેતપુર, જસદણ, જાફ્રાબાદ, વગેરે.

